RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 09-08-2026 I VOL : 12 I Issue : 145 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર
જે શીખે છે
તે જ
જીતે છે.
નિષ્ફળતા
અંત નથી.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  ઓડદરના સર્વોદય વન પ્રોજેક્ટની વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ...

4  દેહ ભસ્મ, આત્મા અમર: અંતિમ સંસ્કાર પાછળનું શાશ્વત ધાર્મિક અને...

6  જાહ્વી કપૂર અને શ્રીલીલા માટે એકતા કપૂર દ્વારા હિરોની શોધ

7  5 હજાર ઈન્ટરનેશનલ મેચોવાળી પ્રથમ ફોર્મેટ બની વનડે

## એક નજર...

### કુલ અંદાજમાં એક્ટ્રેસ રાય લક્ષ્મીએ આપ્યા પોઝ



રાય લક્ષ્મી એક ભારતીય ફિલ્મ અભિનેત્રી અને મોડલ છે, જે મુખ્યત્વે તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને હિન્દી સિનેમામાં પોતાના પ્રભાવશાળી અભિનય માટે જાણીતી છે.સાઉથ ફિલ્મ એક્ટ્રેસ રાય લક્ષ્મી ઘણીવાર તેની બિચ લુકની તસવીરોને લઈને ચર્ચામાં રહે છે. અભિનેત્રીએ હાલમાં જ ઈન્ટરનેટની દુનિયામાં કુલ અંદાજમાં તસવીરો શેર કરીને ચાહકોને ટ્રીટ આપી છે.

# PM મોદીએ Gen-Z સાથે સંવાદ કર્યો

## જીવનની પરીક્ષામાં બધું જ આઉટ ઓફ સિલેબસ હોય છે, માત્ર સવાલ ન પૂછો, ઉકેલ પણ શોધો; દિલ્હી-IITમાં ડિગ્રી એનાયત કરી

નવી દિલ્હી

PM મોદીએ શનિવારે IIT દિલ્હીના 57મા દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધન કર્યુ. પીએમ મોદીએ કહ્યું કે, ’દરેક પેઢીના પોતાના પડકારો અને જવાબદારીઓ હોય છે. આ પેઢી માટે આવનારો સમય ખૂબ જ પડકારજનક છે. તેથી એ સમજો કે આગામી 35 વર્ષમાં તમારું કામ વિકસિત ભારતનો આધાર હશે.’

તેમણે કહ્યું, ‘મેં IITના ઘણા પૂર્વ વિદ્યાર્થીઓની સફળતા જોઈ છે. તેમણે એવી સમસ્યાઓને ઓળખી, જેના પર કોઈએ ધ્યાન આપ્યું ન હતું. તેથી હંમેશા શીખતા રહો, ફક્ત સવાલ ન પૂછો અને તેના ઉકેલો પણ શોધો.’ તેમણે કહ્યું - દરેક પેઢીના પોતાના પડકારો અને જવાબદારીઓ હોય




છે. આગામી 35 વર્ષમાં તમારું કાર્ય વિકસિત ભારતનો આધાર હશે. વડાપ્રધાન મોદીએ કહ્યું- વિદ્યાર્થીઓ અહીંથી ડિગ્રી નહીં, પરંતુ સપના લઈને જઈ રહ્યા છે. બધા વિદ્યાર્થીઓ અહીં હાજર છે, બધાના મનના કોઈક ખૂણામાં કંઈક બીજું ચાલી રહ્યું છે. મોદીએ કહ્યું- કેમ્પસના જીવન અને બહારના જીવનમાં ઘણો ફરક હોય છે. IITમાં સિલેબસ હોય છે, પરંતુ બહાર બધું જ આઉટ ઓફ સિલેબસ હોય છે. કઈ પરીક્ષા હશે, કયો કોર્સ છે, તે વાસ્તવિક જીવનમાં કંઈ જ ખબર નથી હોતી. જ્યારે કોઈ પડકાર ખૂબ મોટો લાગે ત્યારે તેનાથી ગભરાશો નહીં. તેને નાના-નાના ભાગોમાં વહેંચી દો. મોદીએ કહ્યું-હું બાબા બાગેશ્વર તો નથી, પરંતુ કંઈક તો ચાલતું જ હશે. મોદીએ કહ્યું- વિદ્યાર્થીઓને મજાકીયા અંદાજમાં કહ્યું કે આજે બધા વિદ્યાર્થીઓ દીક્ષાંત સમારોહમાં હાજર છે, પરંતુ તેમના મનમાં ભવિષ્યને લઈને કંઈક ને કંઈક ચોક્કસ ચાલી રહ્યું હશે.

# રીલ 21મી સદીનો નશો છે, એક હજારમાંથી માત્ર 12 યુવાનોને કાયમી નોકરી: રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ પ્રયાગરાજમાં ‘છાત્રો કી ગૂંજ’ કાર્યક્રમને સંબોધિત કર્યુ



નવી દિલ્હી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પ્રયાગરાજમાં ‘છાત્રો કી ગૂંજ’ કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતમાં લગભગ 40 કરોડ યુવાનો છે. આ જ દેશની સૌથી મોટી તાકાત છે, પરંતુ આપણી સિસ્ટમ યુવાનોને ચક્રવ્યૂહમાં ફસાવી રહી છે. 1 હજાર યુવાનોમાંથી ફક્ત 12ને જ કાયમી નોકરી મળે છે. યુવાનોનો ડેટા છીનવીને મોટી-મોટી કંપનીઓને આપવામાં આવે છે. તમને કહેવામાં આવે છે કે જેટલી રીલ જોવી હોય અને જેટલી રીલ બનાવવી હોય, બનાવો. આ રીલ 21મી સદીનો નશો છે. રાહુલ બોલ્યા- તમે ભણતરમાં પૈસા ખર્ચ કરો છો, પરંતુ દેશમાં નોકરીના દરવાજા બંધ પડ્યા છે. પહેલો દરવાજો બંધ છે- મેન્યુફેક્ચરિંગનો. બીજો દરવાજો બંધ છે- સ્ટાર્ટઅપનો. ત્રીજો દરવાજો બંધ છે- સરકારી નોકરીનો. તમને મેડ ઈન ચાઈના, મેડ ઈન કોરિયા દેખાશે, પરંતુ મેડ ઈન ઈન્ડિયા નહીં દેખાય. જે નાના બિઝનેસમેન રોજગાર આપતા હતા, તે બંધ થઈ ગયા. સ્ટાર્ટઅપ ઈન્ડિયા ક્યાં ગયું. હિન્દુસ્તાનની બેંકો તમને એક રૂપિયો નહીં આપે, અંબાણી-અદાણીને લાખો કરોડ રૂપિયા આપશે. નાના વેપારીઓને બેંક લોન મળતી નથી.

## RSSની વિચારધારા બદલાઈ નથી: થરુર

નવી દિલ્હી

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું કે RSSનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને હિંદુ રાષ્ટ્ર અને હિંદુત્વ તરીકે આગળ વધારવાનો છે અને આ મૂળભૂત વિચારધારા આજે પણ બદલાઈ નથી. થરૂરે આ વાત મુંબઈમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટ નેશન્સ (IIMUN)ની 15મી વર્ષગાંઠ પર કહી હતી.

સંઘ પ્રમુખ મોહન ભાગવતે ગુરુવારે આ જ કાર્યક્રમમાં Gen-Z અને Gen-આલ્ફા સાથે 1 કલાક સુધી વાતચીત કરી હતી. ભાગવતે કહ્યું હતું- જેન ઝી અને જેન-આલ્ફા, જૂની પેઢી કરતાં પણ વધુ દેશભક્ત અને ઈમાનદાર છે. આપણે તેમની વાત સમજવી જોઈએ, તેમની સાથે વાત ન થઈ ત્યારે જ તો આંદોલન થયું. થરૂરે ભાગવતના નિવેદનોને સારો સંકેત માન્યો છે. તેમણે કહ્યું- હું દસ વર્ષથી સંઘ પ્રમુખના નિવેદનો જોઈ રહ્યો છું. હવે તેમાં બદલાવ દેખાય છે. અલગ વિચારધારા ધરાવતા લોકો સાથે પણ વાતચીત જરૂરી: જે લોકો ઈચ્છે છે કે મને પાર્ટીમાંથી કાઢી મૂકવામાં આવે કારણ કે હું તે મંચ પર ગયો હતો જ્યાં મોહન ભાગવત પણ હાજર હતા, તેઓ એ નથી સમજતા કે અલગ વિચારસરણી ધરાવતા લોકો સાથે પણ વાતચીત કરી શકાય છે.

## હિમાચલમાં મુસાફરોથી ભરેલી બસ પલટી, 7ના મોત

ચંબા

હિમાચલ પ્રદેશના ચંબામાં શનિવારે સવારે એક પ્રાઈવેટ બસ પલટી ગઈ. જેના કારણે 7 લોકોના મોત થયા. જેમાં એક યુવતી, 2 મહિલાઓ અને ચાર પુરુષોનો સમાવેશ થાય છે. જ્યારે 15 મુસાફરો ઘાયલ હોવાનું જણાવાયું છે. જેમને તીસા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. SP વિજય કુમાર સકલાણીએ જણાવ્યું કે બસ સવારે 7 વાગ્યે બૈરાગઢથી ચંબા માટે નીકળી હતી. બૈરાગઢથી થોડે દૂર ’શર્મા કોચ’ બસ ચાલુંજ પાસે બેકાબૂ થઈને પલટી, પછી બીજા રસ્તા પર પડી.

## NEWS TRACK

### 162 કિમીની ઝડપે પવન ફૂંકાયો! ચીનમાં પોર્ટ-એરપોર્ટ બંધ; જાપાનમાં વાવાઝોડાએ તબાહી મચાવી

જાપાનના દક્ષિણી ઓકિનાવા પ્રાંતમાં શનિવારે ’ટાયફૂન ડોલ્ફિન’ વાવાઝોડું ભારે પવન અને વરસાદ સાથે ત્રાટક્યું હતું. આ વાવાઝોડાના કારણે 6 લોકો ઈજાગ્રસ્ત થયા છે, અને 50,000 થી વધુ મકાનોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. બીજી તરફ, ચીને તેના પૂર્વ કિનારે વાવાઝોડું ત્રાટકે તે પહેલાં બંદરો બંધ કરી દીધા છે, અને ફેરી સર્વિસ સ્થગિત કરી દીધી છે. ઓકિનાવામાં પવનના જોરદાર સુસવાટાને કારણે ત્રણ વૃદ્ધો પડી જવાથી ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે કાગોશિમા પ્રાંતમાં પણ એક વ્યક્તિ ઘાયલ થયો હતો. કાગોશિમામાં લગભગ 39,000 અને ઓકિનાવામાં 12,000 થી વધુ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. જાપાની એરલાઈન્સ ઓલ નિપ્પોન એરવેઝ (ANA) અને જાપાન એરલાઈન્સે ઓકિનાવા જતી અને આવતી તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. વાવાઝોડા દરમિયાન પવનની ઝડપ 162 કિમી/કલાકથી વધીને 216 કિમી/કલાક સુધી પહોંચી ગઈ હતી.

### ચીન-અમેરિકાનો દબદબો ખતમ કરવા ભારતનો જોરદાર પ્લાન, ફ્રાન્સ સાથે મળી બનાવશે છઠ્ઠી પેઢીનું ફાઈટર જેટ!

ભારતની સંરક્ષણ તૈયારીઓમાં એક અત્યંત મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. દેશના સંરક્ષણ મંત્રાલયે સંસદીય સ્થાયી સમિતિને માહિતી આપતાં જણાવ્યું છે કે, તે ફ્રાન્સ સરકારના નેતૃત્વ હેઠળના છઠ્ઠી પેઢીના લડાકુ વિમાન વિકાસ કાર્યક્રમ એટલે કે ’ફ્યુચર કોમ્બેટ એર સિસ્ટમ’ (FCAS) માં જોડાવા માટે સઘન અને સમન્વયિત પ્રયાસો શરૂ કરી ચૂક્યું છે. આ સાથે જ બ્રિટન, ઈટાલી અને જાપાનના ’ગ્લોબલ કોમ્બેટ એર પ્રોગ્રામ’ (GCAP) નું પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ મહત્વાકાંક્ષી કદમ ભારતની વાયુ શક્તિને 2040ના દાયકા સુધીમાં અતિ આધુનિક અને મજબૂત બનાવવાના હેતુથી ઉઠાવવામાં આવ્યું છે. છઠ્ઠી પેઢીના આ સિસ્ટમમાં સ્ટીલ્થ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત નિર્ણયો, રોયલ વિંગમેન ડ્રોન અને નેટવર્ક આધારિત યુદ્ધ ક્ષમતાઓ શામેલ છે, જે ભવિષ્યના યુદ્ધનું સ્વરૂપ બદલી નાખશે. શું છે FCAS અને ફ્રાન્સ-જર્મની વિવાદથી સર્જાયેલી તક? FCAS ની શરૂઆત 2017માં ફ્રાન્સ અને જર્મની વચ્ચે થઈ હતી.

# ગાંધીના ગુજરાતમાં 'રેલવે સેફ લાઇન'થી કરોડોનો દારૂ ઘૂસાડવાનું કૌભાંડ!

## જનતા પૂછે છે—હપ્તાખોર અધિકારીઓ અને બુટલેગરો સામે સરકાર કાર્યવાહી ક્યારે કરશે?

**‘પાક્કો ગુજરાત’ મહા-વિસ્ફોટ**

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ વચ્ચે ખુલ્લા પડેલા એક ભયાનક સત્યે આખી સિસ્ટમની ઊંઘ ઉડાડી દીધી છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દમણ અને સેલવાસથી આવતો કરોડો રૂપિયાનો વિદેશી અને દેશી દારૂ હવે કોઈ રસ્તા પરથી નહીં, પરંતુ સીધો ટ્રેનોના માધ્યમથી ગુજરાતના ખૂણે-ખૂણા સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. બુટલેગરો માટે રેલવે હવે દારૂ તસ્કરી માટેની સૌથી ‘સેફ લાઈન’ બની ચૂકી છે. આ આખું નેટવર્ક કઈ રીતે ચાલી રહ્યું છે અને કોના આશીર્વાદથી રાજ્યનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે, તેનો ખુલાસો ’પાક્કો ગુજરાત’ના આ તીખા અહેવાલમાં છે:

હપ્તાખોરી અને કથિત ‘વહીવટદારો’નો ખેલ: પ્રજામાંથી ઉઠેલા ગંભીર આક્ષેપો મુજબ, રેલવે પોલીસ (GRP) અને RPF ના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ તથા અધિકારીઓ મહિને લાખો રૂપિયાનું ભરણ (હપ્તા) ઉઘરાવીને આ કાળા કારોબારને ખુલ્લો પરવાનો આપે છે. દરેક મોટા અધિકારીના નામે સેટિંગ કરતા ‘વહીવટદારો’ આ આખી સિસ્ટમ મેનેજ કરે છે, જેથી ટ્રેનમાંથી દારૂનો જથ્થો ઉતરતી વખતે પોલીસની નજર પણ ન પડે!

દક્ષિણ ગુજરાતથી અમદાવાદ સુધીના સ્ટેશનો બંધાણે: દારૂ ભરેલી બોગીઓ અને પેસેન્જર બેગ્સ વાપી, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ, વડોદરા થઈને સીધા અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશને ખાલી થાય છે. આ તમામ મુખ્ય સ્ટેશનો બુટલેગરોના ખુલ્લા અડ્ડા બની ચૂક્યા છે.

યુવાધનની બરબાદીનો જવાબદાર કોણ?: રોજનો કરોડો રૂપિયાનો દારૂ રાજ્યમાં ઠલવાય છે, જેના કારણે હજારો પરિવારો બરબાદ થઈ રહ્યા છે અને યુવાનો નશાની લતમાં ધકેલાઈ રહ્યા છે. છતાં સ્થાનિક પોલીસ અને રેલવે સુરક્ષા દળો તમાશો જોઈ રહ્યા છે.


### મુખ્યમંત્રી, ગૃહ વિભાગ અને SMC માટે સીધા સવાલો:

૧. શું રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહ વિભાગ આ લાખો-કરોડોના હપ્તાખોરીના ખેલ પર લગામ લગાવવા કોઈ કડક પગલાં ભરશે?

૨. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કે રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ સ્ટેશનો પર દરોડા પાડીને આ કથિત ‘વહીવટદારો’ અને બુટલેગરોને જેલભેગા કરશે કે પછી પૈસાની તાકાત સામે સિસ્ટમ ઘૂંટણ ટેકવી દેશે?

૩. કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ જ જ્યારે ખાખી વર્દીને કાળી કરી રહી હોય, ત્યારે પ્રજાએ ન્યાય માટે કોની પાસે જવું?

જો તંત્ર પાસે હજુ પણ થોડી પણ નૈતિકતા બાકી હોય, તો રેલવે સ્ટેશનો પર ચાલતી આ દારૂની ’સેફ લાઈન’ પર તાત્કાલિક બુલડોઝર ફેરવવું પડશે. ’પાક્કો ગુજરાત’ આ કૌભાંડનો પર્દાફાશ તમામ જવાબદારો જેલભેગા ન થાય ત્યાં સુધી કરતું રહેશે!




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# રવિવાર સ્પેશિયલ ક્રાઈમ સ્ટોરી: 'અંધારી રાત, રેલવે ટ્રેક અને એક વણઉકેલાયેલો ભેદ'

### અમદાવાદ CID ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ ઓફિસર ઇન્સ્પેક્ટર વિક્રમ રાઠોડની સામે ટેબલ પર એક પીળા કલરની જૂની ફાઇલ પડી હતી. ફાઇલ પર લાલ અક્ષરે લખ્યું હતું—કેસ નંબર 407: ગોંડલ રેલવે ટ્રેક મર્ડર મિસ્ટ્રી

અમદાવાદ

ઘટના ચાર વર્ષ જૂની હતી. ગીર સોમનાથ નજીકના ગોંડલ સ્ટેશનથી થોડે દૂર અંધારામાં રેલવે ટ્રેક પરથી એક ૪૫ વર્ષીય મહિલાની લાશ મળી આવી હતી. ટ્રેનની ટક્કરથી માથું કચડાઈ ગયું હતું, તેથી સ્થાનિક પોલીસે તેને અકસ્માત અથવા આત્મહત્યા ગણાવીને કેસ બંધ કરી દીધો હતો.

પરંતુ, મૃતકના પુત્રે હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. તેનો દાવો હતો કે તેની માતા ક્યારેય આત્મહત્યા ના કરી શકે અને તેમના શરીરે દાગીના ગાયબ હતા. આખરે કેસ CID ક્રાઈમને સોંપાયો અને વિક્રમ રાઠોડે આ વણઉકેલાયેલી ગુથ્થી ઉકેલવાની જવાબદારી લીધી.

પહેલો કડી: બનાવટી મેડિકલ રિપોર્ટ, વિક્રમે કેસ રી-ઓપન કરીને સૌથી પહેલા ફોરેન્સિક રિપોર્ટ તપાસ્યો. તેમના અનુભવી મગજે તરત જ એક ભૂલ પકડી પાડી. ટ્રેન અકસ્માતમાં શરીર પર જે પ્રકારના ઘા




થાય છે, તેના કરતા મૃતકના હાથ પર પંચ (મુક્કા)ના નિશાન અને ગળાના ભાગે આંગળીઓના દબાણના માઈક્રો-માર્ક્સ હતા.

'આ આત્મહત્યા નથી, પણ બહુ જ હોશિયારીથી ઘડાયેલું ખૂન છે!' વિક્રમે પોતાની ટીમને કહ્યું.

બીજી કડી: ૧૨ વાગ્યાનો કોલ, વિક્રમની ટીમે મૃતક મહિલાના તે સમયના જૂના કૉલ ડિટેઈલ રેકોર્ડ્સ (CDR) કઢાવ્યા. ઘટનાની રાત્રે ૧૧:૫૦ વાગ્યે તેમને એક અજાણ્યા પ્રીપેડ નંબર પરથી કૉલ આવ્યો હતો. એ લોકેશન ગોંડલ રેલવે ટ્રેકનું જ બતાવતું હતું.

તપાસમાં જાણવા મળ્યું કે એ સીમકાર્ડ એક ફેક આઈડી પરથી લેવાયું હતું. પણ એ જ રાત્રે ૧૨:૧૫ વાગ્યે એ જ ટાવર લોકેશન પર એક બીજો નંબર પણ એક્ટિવ હતો, જે સુરેન્દ્રનગરના એક સોની–રમેશ ઝવેરીનો હતો.

ત્રીજી કડી: કબાટમાં છુપાયેલું રાજ, ઈન્સ્પેક્ટર વિક્રમે મોડી રાત્રે રમેશ સોનીના ઘરે દરોડો પાડ્યો. શરૂઆતમાં તો રમેશે ગભરાઈને કશું જ જાણતો નથી તેમ નાટક કર્યું, પરંતુ જ્યારે પોલીસે તેને સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપવાની ધમકી આપી ત્યારે તે ભાંગી પડ્યો.

રમેશ સોનીએ જે ખુલાસો કર્યો તેનાથી સીઆઈડી ટીમ પણ દંગ રહી ગઈ!, રમેશે જણાવ્યું કે, મૃતક મહિલા પાસે શુદ્ધ સોનાના પ્રાચીન સિક્કાઓનો એક કિંમતી જથ્થો હતો, જે તેને વારસામાં મળ્યો હતો. રમેશ અને તેના એક મિત્ર–જે રેલવેમાં જ નાઈટ ગાર્ડ તરીકે નોકરી કરતો હતો–બંનેએ મળીને એ સોનું પચાવી પાડવાનું ષડયંત્ર રચ્યું હતું.

તેમણે મહિલાને સોનાની સારી કિંમત અપાવવાના બહાને મોડી રાત્રે રેલવે ટ્રેકની નજીક બોલાવી. ત્યાં સોનું છીનવી લીધા

બાદ, મહિલાએ બૂમાબૂમ કરી એટલે ગાર્ડે તેનું ગળું દબાવી દીધું અને ત્યારબાદ પુરાવાનો નાશ કરવા માટે તેને આવતી ટ્રેન સામે ધકેલી દીધી, જેથી આખી ઘટના 'અકસ્માત'માં ખપી જાય.

અંતિમ ચુકાદો : ૪ વર્ષ જૂનો આ કેસ જે ફાઈલોમાં ધૂળ ખાતો હતો, તેને ઈન્સ્પેક્ટર વિક્રમ રાઠોડની તીક્ષ્ણ નજર અને ટેકનિકલ તપાસે માત્ર ૪૮ કલાકમાં ઉકેલી નાખ્યો. આરોપી સોની અને રેલવે ગાર્ડ બંને જેલના સળિયા પાછળ ધકેલાયા.

ગુજરાતના આ ક્રાઈમ કેસે સાબિત કરી દીધું કે 'ગુનો ગમે તેટલો ચાલાકીથી આચરવામાં આવ્યો હોય, કાયદાના હાથ તેનાથી પણ લાંબા હોય છે!'

## મામલતદાર જયરાજસિંહ ઝાલા બાદ હવે પત્ની શિલ્પાકુમારી સામે ACBની લાલ આંખ

ગાંધીનગર

મહેસૂલી તંત્રમાં અવારનવાર સામે આવતા ભ્રષ્ટાચારના કૌભાંડોમાં હવે તપાસ એજન્સીઓ અત્યંત આક્રમક મૂડમાં જોવા મળી રહી છે. સરકારી પદનો દુરુપયોગ કરીને કરોડો રૂપિયાની ગેરકાયદે સંપત્તિ વસાવનારા ચકચારી મામલતદાર જયરાજસિંહ ઝાલા સામે એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કાયદાકીય શિકંજો કસવામાં આવ્યા બાદ, હવે આ તપાસનો વ્યાપ તેમના પરિવાર સુધી લંબાતા રાજકીય અને પ્રશાશનિક વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. મામલતદારના ધર્મપત્ની શિલ્પાકુમારી ઝાલા પણ હવે એન્ટી કરપ્શન બ્યુરોની રડારમાં આવી ગયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

મળતી વિગતો અનુસાર, મામલતદાર જયરાજસિંહ ઝાલા સામે હાથ ધરાયેલી પ્રાથમિક તપાસ અને દરોડા દરમિયાન તેમની આવક કરતાં અનેકગણી વધુ અપ્રમાણસર મિલકતો અને શંકાસ્પદ નાણાકીય વ્યવહારોના ચોંકાવનારા દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસ એજન્સીની ઊંડાણપૂર્વકની છાણવટમાં સામે આવ્યું છે કે, કાળા નાણાંને સફેદ કરવા માટે તેમજ સરકારી તપાસથી બચવા માટે ઘણી ગેરકાયદે મિલકતો, જમીન-મકાનના દસ્તાવેજો, બેંક એકાઉન્ટ્સ તેમજ વિવિધ ક્ષેત્રોમાં કરાયેલા રોકાણો પત્ની શિલ્પાકુમારીના નામે કરવામાં આવ્યા હોવાની પ્રબળ આશંકા છે. હાલમાં ACBની ખાસ ટીમો દ્વારા શિલ્પાકુમારીના નામે રહેલી સ્થાવર અને જંગમ મિલકતો, લોકર, સોના-ચાંદીના દાગીના તેમજ બેંક ખાતાઓમાં થયેલા મોટા નાણાકીય ટ્રાન્ઝેક્શન્સની કાળજીપૂર્વક વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

## અમદાવાદના રિક્ષાચાલકો માટે દિવાળી જેવો માહોલ: સરકારે ભાડા દરમાં કર્યો રૂા.5નો મહત્વપૂર્ણ વધારો

અમદાવાદ

અમદાવાદ શહેરના લાખો રિક્ષાચાલકો અને તેમના પરિવારો માટે આખરે મોટો રાહતનો દિવસ આવી પહોંચ્યો છે. મોંઘવારી, સીએનજી ઈંધણના સતત વધતા ભાવ અને વાહનના મેન્ટેનન્સ ખર્ચ સામે લાંબા સમયથી લડત ચલાવી રહેલા રિક્ષાચાલકોની વ્યાજબી માગણીનો સરકારે સ્વીકાર કર્યો છે. રાજ્યના વાહનવ્યવહાર વિભાગ દ્વારા અમદાવાદના ઓટોરિક્ષા ભાડા દરમાં સુધારો કરીને નવો દર અમલી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારના આ નવા નિર્ણય મુજબ રિક્ષાના મિનિમમ ભાડા તેમજ પ્રતિ કિલોમીટરના દરમાં રૂ. ૫-૫ નો વધારો કરવામાં આવ્યો છે. મિનિમમ ભાડું (પહેલા ૧.૫ કિમી માટે): જે અગાઉ રૂ. ૨૦ હતું, તે વધારીને હવે રૂ. ૨૫ કરવામાં આવ્યું છે.

કિલોમીટર દીઠ ભાડું: મિનિમમ અંતર બાદ પ્રતિ કિલોમીટર દીઠ અગાઉ રૂ. ૧૫ વસૂલવામાં આવતા હતા, જે વધીને હવે રૂ. ૨૦ થશે.

છેલ્લા કેટલાક સમયથી વધતી જતી મોંઘવારીના કારણે સામાન્ય રિક્ષાચાલક માટે ઘર ચલાવવું અત્યંત મુશ્કેલ બની ગયું હતું. ઈંધણના ભાવ અને સ્પેરપાર્ટ્સના ખર્ચ વધી જવા છતાં ભાડાં જુના રહેતા રોજના કમાણીના ગણિત ખોરવાઈ ગયા હતા. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને વિવિધ રિક્ષાચાલક એસોસિએશનો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી, જેના સકારાત્મક પરિણામ સ્વરૂપે સરકારે આ નિર્ણય લીધો છે.

## એક 'તાળું' ખોલવા પણ ગૃહમંત્રી કે DyCMની જરૂર? સામાન્ય જનતાની અપીલ સાંભળવામાં તંત્રના પેટનું પાણી કેમ નથી હલતું?

અમદાવાદ

તાજેતરમાં જ સાપુતારા બસ ડેપો ખાતે દિવ્યાંગ શૌચાલય પર મારેલું તાળું જોઈને ગુજરાતના ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અધિકારીઓનો કડક ઉધડો લીધો અને 'લોક ખોલો' એવો હુકમ કરવો પડ્યો. આ ઘટના તંત્રની માનસિકતા પર એક સણસણતો સવાલ ઊભો કરે છે. સવાલ એ થાય છે કે, શું રાજ્યમાં બસ ડેપો કે સરકારી કચેરીઓના તાળાં ખોલાવવા માટે પણ ગૃહમંત્રી કે સત્તાધીશોએ પોતે સ્થળ પર જવું પડશે? જો આ જ વાત કોઈ સામાન્ય નાગરિક કે અરજદારે અધિકારીઓને કહી હોત, તો સરકારી બાબુઓની તાસીર કેવી હોત? આખા દેશને ખબર છે કે સામાન્ય જનતા જો પોતાના હક કે સુવિધા માટે રજૂઆત કરવા જાય, તો તંત્રના જવાબદારો 'જે થાય એ કરી લો' જેવા અહંકારી વલણ સાથે વાત કરે છે. પ્રજાના ટેક્સના પૈસાથી ચાલતી વ્યવસ્થામાં સામાન્ય નાગરિકની વેલ્યુ ક્યાંય દેખાતી નથી. જે વાત ગૃહમંત્રી હર્ષ સંઘવી બોલે ત્યારે તંત્ર તાબડતોબ એક્શનમાં આવી જાય છે, તે જ વાત જો કોઈ સામાન્ય પીડિત નાગરિક થોડા કડક અવાજે રજૂ કરે, તો તેની સાંભળવાને બદલે ઊલટાની તેની સામે જ 'સરકારી કામમાં અડચણ'ની ફરિયાદ ઠોકી બેસાડવામાં આવે છે.

## આણંદમાં ભાજપના સ્થાનિક નેતા સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ

આણંદ

આણંદ જિલ્લાના રાજકારણમાં આજે એક મોટો વિસ્ફોટ થયો છે. ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક નેતા સામે અત્યંત ગંભીર અને શરમનાક આક્ષેપો સાથે પોલીસ ચોપડે સત્તાવાર ફરિયાદ નોંધાતાં સમગ્ર જિલ્લા સહિત રાજ્યના રાજકીય વર્તુળોમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. પીડિત મહિલા દ્વારા લગાવવામાં આવેલા ઘાતકી અને સણસણતા આક્ષેપોના આધારે પોલીસે તાત્કાલિક ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મળતી વિગતો અનુસાર, પીડિત મહિલાએ ભાજપના સ્થાનિક નેતા અને તેમના સાગરીતો સામે અત્યાચાર અને ગેંગરેપ જેવા ગંભીર આરોપો મૂકતા પોલીસ મથકનો દરવાજો ખટખટાવ્યો હતો. સત્તાના નશામાં અંધ બનીને આચરવામાં આવેલા આ કુકર્મની વાત બહાર આવતા જ સ્થાનિક તંત્ર અને શાસક પક્ષના નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસે ગુનાહિત કલમો હેઠળ એફ.આઈ.આર. નોંધીને પીડિત મહિલાનું મેડિકલ પરીક્ષણ કરાવવા સહિતની કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી છે.

### રાજકોટ ગેમ ઝોન અને શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડ મામલો

## HCમાં ફાયર સેફ્ટી અંગે રાજ્ય સરકારનું મોટું નિવેદન

રાજકોટ

રાજકોટના ચર્ચિત TRP ગેમ ઝોન અગ્નિકાંડ અને અમદાવાદની શ્રેય હોસ્પિટલ આગ દુર્ઘટના બાદ રાજ્યભરમાં ફાયર સેફ્ટીના કડક અમલીકરણને લઈને ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેરહિતની રિટ અરજી (PIL) પર મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રે ની ખંડપીઠ સમક્ષ આ કેસની કાર્યવાહી દરમિયાન રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા અને ફાયર સેફ્ટીના નિયમોને લઈને રાજ્ય સરકારે એક મોટું નિવેદન આપ્યું છે.

સુનાવણી દરમિયાન પાર્ટી ઈન પર્સન એડવોકેટ અમિત પંચાલે રાજ્યમાં નાના બાળકોની બાલવાડીઓ, પ્લેગ્રુપ અને અન્ય શિક્ષણ તથા મનોરંજનના સ્થળો પર પ્રવર્તતી ફાયર સેફ્ટી સિસ્ટમની ગંભીર મર્યાદાઓ અને ત્રુટિઓ તરફ હાઈકોર્ટનું ધ્યાન દોર્યું હતું. તેમણે રજૂઆત કરી હતી કે જ્યાં નાના બાળકો અને સામાન્ય નાગરિકોની અવરજવર વધુ હોય ત્યાં સુરક્ષાના સાધનો અને નિયમોમાં કોઈ પણ પ્રકારની બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે. બીજી તરફ, રાજ્ય સરકાર વતી હાઈકોર્ટ સમક્ષ મહત્વની માહિતી આપતા જણાવાયું હતું કે, આગામી સમયમાં અમદાવાદ વૈશ્વિક સ્તરની 'કોમનવેલ્થ 2030' જેવી મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. આ વૈશ્વિક ઈવેન્ટ અને શહેરના ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને સરકાર ટૂંક સમયમાં નવા CGDCR (કોમ્પ્રીહેન્સિવ જનરલ ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ) અમલમાં મૂકવા જઈ રહી છે.

રેસ્ક્યુ ફ્લોરની જોગવાઈ: નવી જોગવાઈ મુજબ રાજ્યની ગગનચુંબી ઈમારતોમાં દર ત્રણ માળ પછી એક માળ સંપૂર્ણપણે ખાલી (Refuge Floor / Area) રાખવાનો નિયમ લાવવામાં આવશે. ઈમરજન્સીમાં સરળ બચાવ: આગ કે અન્ય અકસ્માત જેવી કટોકટીની સ્થિતિમાં ઈમારતમાં રહેલા લોકો આ ખાલી માળ પર એકઠા થઈ શકશે, જેથી ફાયર બ્રિગેડની ટીમ તેમને સરળતાથી અને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી શકે.

જાહેર સ્થળોએ મોકડ્રીલ: સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મહત્વનું સૂચન કરતા જણાવ્યું હતું કે, માત્ર કાગળ પર નિયમો બનાવવા પૂરતા નથી. ચાલુ દિવસોમાં જાહેર સ્થળો, શોપિંગ મોલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર સેફ્ટી અંગેની મોકડ્રીલ યોજવી જોઈએ જેથી લોકોમાં જાગરૂકતા આવે અને તંત્રની સજ્જતા ચકાસી શકાય.

## માનવ સેવા ફાઉન્ડેશન દ્વારા જુલાઇ માસમાં જન્મેલા સભ્યોના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

વડોદરા

ઈલોરાપાર્ક સ્થિત આત્મજ્યોતિ આશ્રમ પાસે આવેલા 'માનવ સેવા ફાઉન્ડેશન' ખાતે સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા સભ્યોના જન્મદિનની વિશિષ્ટ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સદસ્ય ઘનશ્યામભાઈ રાવની યાદી મુજબ, દર માસની જેમ જુલાઈ માસમાં આવતા સભ્યોના જન્મદિવસની સમૂહ ઉજવણી તારીખ 7 ઓગસ્ટના રોજ સંસ્થાના સંકુલમાં અત્યંત ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે સભ્યો માટે મનોરંજક 'હાઉસિંગ' (હૌસી) રમતનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતમાં વિજેતા બનનાર સભ્યોને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ સભ્યોએ હર્ષોલ્લાસ સાથે ઉજવણીનો આનંદ માણ્યો હતો. ઉજવણીના અંતે ઉપસ્થિત તમામ સભ્યો માટે સ્વાદિષ્ટ દક્ષિણ ભારતીય (સાઉથ ઈન્ડિયન) ભોજન સમારંભ યોજાયો હતો.



### ભ્રષ્ટાચાર અને નિષ્ક્રિયતા સામે પ્રજાનો મુડ શું બદલાશે?

## ગામડે ગામડે ઈસુદાન ગઢવી: જન જનના દિલ સુધી પહોંચવાનું 'આપ'નું ધમાકેદાર અભિયાન!

ગાંધીનગર

ગુજરાતમાં આવનારી વિધાનસભા ચૂંટણીના પગરવ વાગી રહ્યા છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. આમ આદમી પાર્ટી (AAP) દ્વારા સમગ્ર રાજ્યમાં આક્રમક પ્રચાર અભિયાનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. 'ગામડે ગામડે ઈસુદાન ભાઈ ગઢવી'ના નારા સાથે આપના પ્રદેશ નેતા અને જનતાના જાણીતા ચહેરા ઈસુદાન ગઢવી પ્રજાના સીધા સંપર્કમાં આવી રહ્યા છે. સરકારી તંત્રની નિષ્ક્રિયતા, મોંઘવારી, બેરોજગારી અને વ્યાપ્ત ભ્રષ્ટાચાર સામે 'આપ' દ્વારા ચલાવવામાં આવી રહેલા આ ચોટદાર અભિયાનથી શાસક પક્ષના રાજકીય સમીકરણોમાં ખળભળાટ મચી ગયો છે. ઈસુદાન ગઢવી પોતાના પત્રકારત્વના દિવસોથી જ



ગુજરાતના છેવાડાના માનવી અને ખેડૂતોના અવાજ તરીકે ઓળખાય છે. હવે પ્રચાર અભિયાન દરમિયાન તેઓ સીધા ગામડાઓમાં જઈને સામાન્ય નાગરિકોના પ્રશ્નો સાંભળી રહ્યા છે. વીજળી, પાણી, રસ્તા, આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓમાં તંત્રની નિષ્ફળતાને સભા-સરઘસોમાં ખુલ્લી પાડવામાં આવી રહી છે.

ખાતરના ભાવ, ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ અને પેપર લીક જેવા મુદ્દાઓ પર ગ્રામીણ પ્રજામાં રહેલો છૂપો રોષ હવે જાહેર મંચ પરથી અવાજ બની રહ્યો છે.

જો આવનારી ચૂંટણીમાં 'આપ' ધમાકેદાર દેખાવ કરે તો શું થાય?

જો આમ આદમી પાર્ટી ગામડાઓ અને શહેરી વિસ્તારોમાં ધાર્યા મુજબનું પ્રદર્શન કરવામાં સફળ રહે છે, તો ગુજરાતના પરંપરાગત દ્વિપક્ષીય રાજકારણનો અંત આવી શકે છે.

1. શાસક પક્ષ માટે મોટો ખતરો: ભાજપના વર્ષો જૂના ગઢમાં 'આપ'નું સંધિમાર પ્રદર્શન સત્તાધારી તંત્રને પોતાની નીતિઓ બદલવા અને જમીની વાસ્તવિકતા સ્વીકારવા મજબૂર કરશે.

2. પ્રજાનો મૂડ અને પરિવર્તનની હવામાં વળાંક: સામાન્ય જનતા હવે માત્ર આકર્ષક વચનો કે નારાઓથી સંતોષ માનવા તૈયાર નથી. પ્રજા તંત્ર પાસેથી નક્કર પરિણામો અને ભ્રષ્ટાચારમુક્ત શાસનની અપેક્ષા રાખી રહી છે.

### 'કોન્ટ્રાક્ટથી ફાયર NOC સુધી ભ્રષ્ટાચારનું કમલમ મોડેલ!'

## ચાર મહાનગરોના કરોડોના વહીવટનું સ્પે. ફોરેન્સિક ઓડિટ કરાવવા કોંગ્રેસની તીખી માંગ

ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપનું શાસન છે અને અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ જેવી મુખ્ય મહાનગરપાલિકાઓમાં પણ લાંબા સમયથી સત્તા પર બેઠેલા શાસકો સામે આજે પ્રજાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ટેક્સ ભરતા નાગરિકો આજે એક જ સવાલ પૂછી રહ્યા છે કે–'અમારા ટેક્સના કરોડો રૂપિયા ક્યાં જાય છે અને અમારી જિંદગીની સુરક્ષાની જવાબદારી કોની?' ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ અખબારી યાદી જાહેર કરીને ભાજપ સરકારના ભ્રષ્ટાચારના મોડેલ પર સીધો પ્રહાર કર્યો છે. તેમણે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મહાનગરપાલિકાઓમાં છેલ્લા ૨૦ વર્ષમાં રોડ, બ્રિજ, ટેન્ડર, બિલ્ડિંગ પરમિશન, ફાયર એનઓસી અને ટાઉન પ્લાનિંગમાં ચાલી રહેલા કરોડોના કૌભાંડો સામે ચારેય મ્યુનિસિપલ કોર્પોરેશનોનું સ્પેશિયલ ફોરેન્સિક ઓડિટ કરાવવાની કડક માંગ કરી છે. અમદાવાદ મનપા: રોડ અને બિટુમેનના કામોમાં ૪૫૦ કરોડના ડુપ્લિકેટ બિલ અને હાટકેશ્વર બ્રિજના ભ્રષ્ટાચાર બાદ ફાયર વિભાગમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી છે. ૨૦૨૪માં ખોટા સર્ટિફિકેટના આધારે ૯ ફાયર ઓફિસરને હટાવવામાં આવ્યા. ૨૦૨૫માં ડિવિઝનલ ફાયર ઓફિસર ૬૫,૦૦૦ની લાંચમાં પકડાયા અને ઓગસ્ટ ૨૦૨૬માં ફાયર ચીફ તથા તેમના મદદનીશ ફાયર NOC આપવા બદલ ૩૬,૦૦૦ની લાંચ લેતા એસીબીની જાળમાં ઝડપાયા. રાજકોટ મનપા: ટીઆરપી ગેમ ઝોનમાં ૨૭ નિર્દોષ લોકો ભસ્મીભૂત થઈ ગયા. આટલી મોટી દુર્ઘટના છતાં ઓગસ્ટ ૨૦૨૪માં રાજકોટ મનપાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર ૧.૮૦ લાખની લાંચ લેતા જ ઝડપાઈ ગયા, જ્યાં કુલ ૩ લાખની માંગણીનો આરોપ હતો. તક્ષશિલા કાંડમાં માસુમ બાળકો હોમાઈ ગયા પછી પણ તંત્ર પાઠ ભણ્યું નથી. ૨૦૨૫માં સુરતના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર હોટેલને ફાયર NOC આપવા માટે ૧ લાખની લાંચ લેતા પકડાયા. વડોદરા મનપા: ૨૦૨૫માં ૩ ફાયર ઓફિસરો સામે ૩.૭ કરોડની ગેરરીતિ બદલ સસ્પેન્શન આવ્યું. સીલ કરાયેલી મિલકતોના સીલ ખોલવા અને NOC આપવાના નામે ખુલ્લી ઉઘરાણી થતી હોવાના આરોપો લાગ્યા. ડૉ. મનીષ દોશીએ સીધો આક્ષેપ કર્યો છે કે આ માત્ર અધિકારીઓની ભૂલ કે છૂટક ઘટનાઓ નથી, પરંતુ આ કોન્ટ્રાક્ટ, કમિશન, કૌભાંડ અને કમલમનું આખું મોડેલ છે. રોડ કે બ્રિજમાં ભ્રષ્ટાચાર થાય તો નાગરિકોના પૈસા અને સુરક્ષા જોખમાય છે, પરંતુ ફાયર સેફ્ટીમાં થતી ગેરરીતિની કિંમત નાગરિકોએ પોતાના માનવજીવનથી ચૂકવવી પડે છે.

## "પત્રકાર સુરક્ષિત, તો જ લોકશાહી મજબૂત!" સમગ્ર દેશમાં 'પત્રકાર સુરક્ષા કાનૂન' લાગુ કરવા ABPSSની આરપારની લડાઈ

### ABPSS દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આગામી 1 ડિસેમ્બરના રોજ દેશની રાજધાની નવી દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે રાષ્ટ્રીય સ્તરનું વિશાળ આંદોલન યોજાશે. જેમાં ગુજરાત સહિત તમામ રાજ્યોમાંથી હજારોની સંખ્યામાં પત્રકારો દિલ્હી પહોંચશે

અમદાવાદ

લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકારોની સુરક્ષા અને સ્વતંત્રતા પર સતત વધતા જોખમો સામે હવે સમગ્ર દેશના પત્રકારો એકજૂથ થઈને મેદાનમાં આવ્યા છે. અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ (ABPSS) ની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીની હાઈ-લેવલ વિડિયો કોન્ફરન્સિંગ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દેશભરમાં 'પત્રકાર સુરક્ષા કાનૂન' (Journalist Protection Act) કડક રીતે લાગુ કરાવવા માટે એક ઐતિહાસિક રાષ્ટ્રીય અભિયાન અને શક્તિશાળી આંદોલનની રણનીતિ ઘડી કાઢવામાં આવી છે. દેશના ખૂણે-ખૂણેથી જોડાઅલા નેશનલ એક્ઝિક્યુટિવના સભ્યોએ પત્રકારો પર થતા હુમલા, ખોટા કેસો અને માનસિક ઉત્પીડન સામે અવાજ ઉઠાવતા સર્વસંમતિથી મહત્વપૂર્ણ પ્રસ્તાવો પસાર કર્યા છે. ABPSS દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આગામી 1 ડિસેમ્બરના રોજ દેશની રાજધાની નવી દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે રાષ્ટ્રીય સ્તરનું વિશાળ આંદોલન યોજાશે. જેમાં ગુજરાત સહિત તમામ રાજ્યોમાંથી હજારોની સંખ્યામાં પત્રકારો દિલ્હી પહોંચશે. વ્યાપક જાનજાગૃતિ અને ડિજિટલ કેમ્પેઇન: દિલ્હી પહોંચતા પહેલા સ્થાનિક નાગરિકો, સામાજિક સંગઠનો અને માધ્યમ સાથીઓને જોડવા માટે ખાસ જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ સાથે જ, પત્રકાર સુરક્ષા કાનૂનની જરૂરિયાતને જન-જન સુધી પહોંચાડવા દેશવ્યાપી સામૂહિક સોશિયલ મીડિયા અભિયાન શરૂ કરાશે. તાલુકાથી રાષ્ટ્રીય સ્તર સુધી મજબૂત સંગઠન: આંદોલનને પાયાના સ્તરેથી સફળ બનાવવા માટે તાલુકા અને જિલ્લા સ્તરે હોદ્દેદારો સક્રિય થઈ પત્રકારોનો સંપર્ક કરશે. પ્રત્યેક રાજ્યના એક-એક સક્રિય પ્રતિનિધિને રાષ્ટ્રીય કોર કમિટીમાં સ્થાન આપી કામગીરી વધુ ઝડપી અને પારદર્શક બનાવાશે.

બેકઅપ ટીમની ખાસ વ્યવસ્થા: આંદોલન કોઈપણ સ્થિતિમાં અટકે નહીં અને સંચાલન અવિરત ચાલુ રહે તે માટે અનુભવી પદાધિકારીઓની એક વિશેષ 'બેકઅપ ટીમ' તૈયાર કરવામાં આવી છે.

### નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તાસભર કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના

# ઓડદરના સર્વોદય વન પ્રોજેક્ટની વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ સ્થળ મુલાકાત લીધી



ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લાના ઓડદર ખાતે વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવી રહેલા સર્વોદય વન પ્રોજેક્ટની વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સ્થળ મુલાકાત લઈ ચાલી રહેલી કામગીરીની પ્રગતિ અને ગુણવત્તાની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પ્રવીણભાઈ માળી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સ્થળ મુલાકાત દરમિયાન મંત્રીએ પ્રોજેક્ટના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કરી પ્રોજેક્ટના આયોજન, વનીકરણ, વિવિધ થીમ આધારિત વન વિસ્તારોના વિકાસ તેમજ મુલાકાતીઓ માટે ઊભી કરવામાં આવનાર સુવિધાઓ અંગે અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કામગીરીમાં ગુણવત્તાના ધોરણો સાથે કોઈ બાંધછોડ ન થાય, ઉપયોગમાં લેવાતી સામગ્રી તેમજ ચાલી રહેલી કામગીરીનું યોગ્ય નિરીક્ષણ થાય અને મંજૂર આયોજન તથા નિર્ધારિત માપદંડો મુજબ કામગીરી આગળ વધે તે અંગે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ઉપરાંત, કામગીરીનું નિયમિત મોનિટરિંગ કરી ખામીઓ જણાય તો તાત્કાલિક જરૂરી સુધારાત્મક પગલાં લેવા પણ માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીએ સર્વોદય વનની સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરી ગુણવત્તા જાળવીને પ્રોજેક્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. નવી અને આકર્ષક ડિઝાઈન માટે જરૂરી ફેરફારો, મટીરિયલની પસંદગી, પ્લાન્ટેશન, રોડ નિર્માણના આયોજન સહિતના વિવિધ મુદ્દાઓ અંગે પણ અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### 246 બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

# વિછીયા-જસદણ રોડ પર દારૂની હેરાફેરી ઝડપાઈ : રૂપિયા 2.31 લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ

રાજકોટ: રાજકોટ ગ્રામ્ય LCBએ વિછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી એક શખ્સને ઝડપી પાડ્યો છે. વિછીયા-જસદણ રોડ પરથી દારૂની 246 નાની-મોટી બોટલ સાથે આરોપીને ઝડપી કુલ 2.31 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

LCBની ટીમ વિછીયા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી ખાનગી બાતમીના આધારે વિછીયા-જસદણ રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન સફેદ રંગની મારૂતિ સુઝુકી અર્ટિગા કાર નંબર GJ-27-K-0281ને અટકાવી તપાસ કરતાં કારના ચોરખાનામાંથી વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની



નાની-મોટી 246 બોટલ મળી આવી હતી.

પોલીસે દારૂની બોટલોની કિંમત 61,576 ગણાવી છે. સાથે અર્ટિગા કાર કિંમત 1.50 લાખ અને એક મોબાઈલ ફોન કિંમત 20 હજાર મળી કુલ 2,31,576નો મુદ્દામાલ કબજે કર્યો હતો

### લાખોના ખર્ચે બનેલું રાજીવ ગાંધી ભવન મંજૂરી વગર જમીનદોસ્ત કરી દેવાતા મોટો વિવાદ

# સરપંચ અને તલાટીની મનસ્વીતા સામે ચનવાડા ગામમાં જનઆક્રોશ

ડભોઇ

ડભોઈ તાલુકાના ચનવાડા ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારી મિલકતની જાળવણી અને ગ્રામજનોના હિતોનું અનાદર કરવાનો એક અત્યંત ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ગામના તમામ સમુદાયો અને નાગરિકો માટે સામાજિક, શૈક્ષણિક તેમજ વિવિધ જાહેર પ્રસંગો માટે ઉપયોગી એવા રાજીવ ગાંધી ભવનને નિયમોનો અનાદર કરીને તોડી પાડવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આશરે ૧૭ થી ૧૮ લાખ રૂપિયાના સરકારી અનુદાન અને જાહેર



ભંડોળમાંથી વર્ષો પહેલા નિર્માણ પામેલું આ ભવન જર્જરિત કે ભયજનક ન હોવા છતાં, સરપંચ અને તલાટી કમ મંત્રી દ્વારા મનસ્વી રીતે તોડી પાડવામાં આવ્યું હોવાનો ગ્રામજનોએ સંગીન આરોપ લગાવ્યો છે. કોઈપણ સરકારી મિલકતને દૂર કરતા પહેલાં ગ્રામસભા યોજી નાગરિકોની સમંતિ લેવી તથા ટેકનિકલ અભિપ્રાય મેળવી સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી મેળવવી કાયદાકીય રીતે અનિવાર્ય હોય છે. પરંતુ આ કેસમાં કાયદાકીય પ્રક્રિયાનો સીધો ભંગ કરીને આખી ઈમારત જમીનદોસ્ત કરી દેવામાં આવી છે. આ મુદ્દો માત્ર એક ભવન પૂરતો સીમિત નથી, પરંતુ સરકારી સંપત્તિના રક્ષણ અને ગ્રામજનોના સામાજિક અધિકારો પર થયેલા સીધા પ્રહાર સમાન છે. જવાબદારો સામે તુરંત અને નિષ્પક્ષ તપાસ હાથ ધરી કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માગ સાથે ચનવાડાના ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિતમાં આવેદનપત્ર સુપ્રત કર્યું છે.

ગામના જાહેર હિતોની બલિ ચડાવનારા અને મનસ્વી વહિવટ કરનારા તત્વો સામે તંત્ર હવે કેવા કડક પગલાં ભરે છે તેના પર સમગ્ર તાલુકાની નજર મંડાયેલી છે.

# બોટાદ LCB પોલીસે સરવઈ ગામે જુગાર રમતા 8 જુગારીઓને ઝડપી પાડ્યા

ભાવનગર

ભાવનગર રેન્જ આઈ.જી રાજેન્દ્ર અસારી તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS)ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાંથી જુગાર ની બધી નેસ્ત નાબૂદ કરવાની કડક સૂચના આપવામાં આવેલ હોય જે સૂચનાને લઈને DYSP મહર્ષિ રાવલના માર્ગદર્શન હેઠળ બોટાદ જિલ્લા LCB ના PI જી.એમ.પાવરા,PSI એચ.એ. વસાવા તેમજ LCB પોલીસ સ્ટાફ ના બળદેવસિંહ લીંબોલા, જયેશભાઈ ધાંધલ,મુકેશભાઈ શાહ સહિતના પોલીસ સ્ટાફના માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે બોટાદ રૂલર પોલીસ સ્ટેશન હેઠળ આવતા સરવઈ ગામે ચામુંડા માતાજીના મઢ પાસે ખુલ્લામાં ગંજીપત્તા વડે હારજીત નો જુગાર રમતા 8 ઈસમોને ઝડપી પાડ્યા જેમાં પોલીસે રોકડા રૂપિયા 98,210 તેમજ મોબાઈલ-9 કિંમત 1,05,000, ફોરવ્હીલર કાર-3 કિંમત 14,00,000 લાખ મળી કુલ 16,3,210 ના મુદ્દામાલ સાથે પોલીસે 8 ઈસમોને જુગાર રમતા ઝડપી પાડ્યા છે તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી છે.

### વડોદરા ક્રાઇમ બ્રાન્ચનો સપાટો

# સવારની વોકમાં નીકળેલા સિનિયર સીટીઝનની સોનાની ચેઇન લૂંટનાર રીઢો સ્નેચર ઝડપાયો

વડોદરા

વડોદરા શહેરમાં વડીલો અને સિનિયર સીટીઝનોની સુરક્ષા સામે ગંભીર સવાલ ઊભા કરતી ચેઈન સ્નેચિંગની ઘટનાનો વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે અત્યંત ત્વરિત અને ધાકડ કાર્યવાહી કરીને ગણતરીના દિવસોમાં ઉકેલ લાવી દીધો છે. આજવા રોડ પર આવેલા કમલાનગર તળાવ પાસે સવારની શાંતિમાં મોર્નિંગ વોક માટે નીકળેલા એક વયસ્ક નાગરિકને નિશાન બનાવી, ગળામાંથી સોનાની ચેઈન આંચકીને ફરાર થઈ ગયેલા શાતિર અને રીઢા ગુનેગારને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી જેલભેગો કર્યો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી વડોદરા ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી તપાસનો



ધમધમાટ શરૂ કર્યો હતો. કમલાનગર તળાવ અને તેની આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા અને બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરવામાં આવ્યું હતું. વડોદરા ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ અને સચોટ બાતમીના આધારે હાથ ધરાયેલા ઓપરેશન દરમિયાન આરોપી યોગેશ ઉર્ફે તત્તો રાકેશભાઈ કહારને દબોચી લેવામાં આવ્યો હતો.

પોલીસે આરોપીની કડક પૂછપરછ હાથ ધરતાં તેણે પોતાના ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી સિનિયર સીટીઝન પાસેથી લૂંટવામાં આવેલી સોનાની ચેઈન તથા ગુનામાં વાપરેલું મોપેડ વાહન જપ્ત કરીને ચેઈન સ્નેચિંગના ચકચારી કેસનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. સવારના સમયે અવાવરૂ અને શાંત રસ્તાઓનો લાભ ઉઠાવીને સિનિયર સીટીઝનો તથા મહિલાઓને નિશાન બનાવતા આવા સ્નેચરો સામે ક્રાઈમ બ્રાન્ચની આ કડક કાર્યવાહીથી ગુનેગારોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

પોલીસે આરોપી યોગેશ ઉર્ફે તત્તો સામે કાયદેસરની ગુનાહિત કાર્યવાહી હાથ ધરીને રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરી છે.

### કિશોરીઓને સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને સશક્તિકરણનો સંદેશ આપતો ભેમાળનો 'કિશોરી મેળો'

# નારી વંદન ઉત્સવ-2026: દાંતા તાલુકાના ભેમાળ ગામે 'કિશોરી મેળો' યોજવામાં આવ્યો

ગાંધીનગર

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ અને દીકરીઓના આરોગ્ય, પોષણ, સુરક્ષા, શિક્ષણ અને સશક્તિકરણને પ્રાધાન્ય આપીને રાજ્યભરમાં 'નારી વંદન ઉત્સવ-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં 'મહિલા અને બાળ આરોગ્ય દિવસ' અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા આઈ.સી.ડી.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે દાંતા તાલુકાના ભેમાળ ગામે 'કિશોરી મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કિશોરીઓમાં આરોગ્ય, પોષણ અને વ્યક્તિગત સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી



આયોજિત કિશોરી મેળામાં કિશોરી સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન સાથે બી.એમ.આઈ. ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત પોષણયુક્ત અને આરોગ્યપ્રદ વાનગીઓનું પ્રદર્શન યોજીને કિશોરીઓને સંતુલિત આહાર અને પોષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા કિશોરીઓને સ્વાસ્થ્યની કાળજી, વ્યક્તિગત સ્વચ્છતા તથા પોષણ અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કિશોરીઓમાં સ્વચ્છતા અને વ્યક્તિગત હાઈજીન અંગે જાગૃતિ વધે તે હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, બનાસકાંઠા દ્વારા કિશોરીઓને કુલ ૭૦ હાઈજીન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કિશોરીઓને સ્વચ્છતા જાળવવા સાથે પોતાના આરોગ્ય પ્રત્યે સજાગ અને જવાબદાર બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.આ પ્રસંગે પૂર્ણા કન્સલ્ટન્ટ શ્રીમતી અરુણાબેન દ્વારા રાજ્ય સરકારની 'પૂર્ણા યોજના' અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કિશોરીઓના પોષણ, આરોગ્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે યોજનાના માધ્યમથી કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધ સેવાઓ અંગે જાણકારી આપવામાં આવી હતી સ્ટેટ કન્સલ્ટન્ટ ફોર વુમન શ્રી દીપુ યાદવે મહિલાઓ અને કિશોરીઓના સશક્તિકરણ માટે ઉપલબ્ધ વિવિધ સેવાઓ અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### યુવા પેઢી અને ડિજિટલ પ્રભાવ પર યોજાઈ ખાસ બેઠક

# ગૃહરાજ્ય મંત્રીએ માલેગાંવ ખાતે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે કર્યો અર્થપૂર્ણ સંવાદ

ગાંધીનગર

સોશિયલ મીડિયાના આધુનિક યુગમાં ડિજિટલ પ્લેટફોર્મ્સની તાકાત અને તેના સકારાત્મક ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાતના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ માલેગાંવ ખાતે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે એક વિશેષ અને પ્રેરણાદાયી બેઠક યોજી હતી. આ બેઠકમાં ડિજિટલ જગતના અનેક ઉભરતા અને અનુભવી કન્ટેન્ટ ક્રિએટર્સે હાજરી આપી હતી.

આજના સમયમાં ડિજિટલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન ન રહેતા જનમાનસની વિચારસરણી બદલવાનું એક સશક્ત માધ્યમ બની ચૂક્યું છે. આ બાબતને ધ્યાને રાખીને બેઠક દરમિયાન યુવા પેઢી અને સમગ્ર સમાજ પર સોશિયલ મીડિયાના વધતા પ્રભાવ અંગે ઊંડાણપૂર્વક વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ઈન્ફ્લુએન્સર્સને



સંબોધતા જણાવ્યું હતું કે, ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર્સ પાસે લાખો યુવાનો સુધી પહોંચવાની અને તેમની વિચારસરણીને સાચી દિશા આપવાની અનોખી ક્ષમતા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સામાજિક જાગૃતિ, રાષ્ટ્રનિર્માણ અને કાયદા પ્રત્યેની જવાબદારીનો સંદેશો સમાજના અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડી શકાય છે. આ તકે તેમણે ઈન્ફ્લુએન્સર્સને સકારાત્મક અને સમાજઉપયોગી કન્ટેન્ટ બનાવવા માટે ખાસ પ્રોત્સાહિત કર્યા હતા.

બેઠકમાં હાજર રહેલા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સે પણ ગૃહરાજ્ય મંત્રી સાથે પોતાના અનુભવો, મુશ્કેલીઓ અને નવા વિચારો મુક્તપણે શેર કર્યા હતા.

શાસન અને સોશિયલ મીડિયા વચ્ચેના આ અનોખા સંવાદને ઉપસ્થિત તમામ ક્રિએટર્સે ખૂબ આવકાર્યો હતો અને સમાજમાં હકારાત્મક સંદેશ પ્રસરાવવા માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# બરોડા એરપોર્ટના એર ઇન્ડિયા કર્મચારી મીરાન કાદરી સામે 'લવ જેહાદ' અને શારીરિક શોષણનો સણસણતો આક્ષેપ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના બરોડા એરપોર્ટ પર ફરજ બજાવતા એર ઈન્ડિયાના કર્મચારી મીરાન કાદરી નામના યુવક સામે એક હિન્દુ યુવતીએ અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો મૂક્યા છે. છેલ્લા બે વર્ષથી લગ્નની ખોટી લાલચ આપીને યુવતીનું સતત શારીરિક અને માનસિક શોષણ કરવામાં આવ્યું હોવાની વિગતો સામે આવતાં જ સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર અને આક્રોશ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, આ સમગ્ર કાળી કરતૂતનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ત્રણ દિવસ પહેલાં ખુદ મીરાન કાદરીની પત્નીએ પીડિત હિન્દુ યુવતીનો સંપર્ક કર્યો હતો. પત્નીએ યુવતીને સત્યથી અવગત કરાવતા જણાવ્યું હતું કે મીરાન કાદરી પહેલેથી જ પરણિત છે અને તેને બે બાળકો પણ છે. પોતાના પ્રેમમાં અંધ બનેલી યુવતી સામે જ્યારે આ કડવી વાસ્તવિકતા આવી ત્યારે તેના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. ન્યાયની અપેક્ષા સાથે પીડિત યુવતી છેલ્લા ત્રણ દિવસથી વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશનના સતત ધક્કા ખાઈ રહી છે. પરંતુ અત્યંત દુઃખ અને શરમની બાબત એ છે કે મહિલા સુરક્ષાના મોટોમોટા દાવા કરતી મકરપુરા પોલીસ દ્વારા આટલા ગંભીર કેસમાં હજુ સુધી એફ.આઈ.આર. (FIR) નોંધવામાં આવી નથી. જ્યારે સમગ્ર રાજ્યમાં મહિલા સન્માન, સુરક્ષા અને રોમિયો સ્ક્વોડની વાતો થતી હોય, ત્યારે એક પીડિત યુવતી ન્યાય માટે પોલીસ સ્ટેશને રઝળતી રહે તે પોલીસ તંત્રની ગંભીર બેદરકારી અને નપુંસકતા છતી કરે છે.

# ગાંઠ્યનું ગોપીચંદન ખર્ચીને સુવાસ પ્રસરાવતાં આચાર્યા જ્યોત્સનાબેન બારોટ

(તખુભાઈ સાંડસુર)

શિક્ષકો જન્મજાત હોય છે, જે ખરેખર પોતાના માટે નહીં, પણ બાળકના પરમ કલ્યાણાર્થે અવતરિત થઈને મથતાં હોય! જ્યાં પોતાનો વિચાર નહીં, પણ પોતાના વિદ્યાર્થીઓની ચિંતા વધુ હોય. 24+7 બાળકો માટે ઉપલબ્ધ હોય તેવા શિક્ષક ગુરુકુળમાં ન હોવા છતાં ઋષિતુલ્ય જ છે. આ વ્યાખ્યામાં બંધ બેસતા શિક્ષક હવે આજે દીવો લઈને શોધવા કઠિન તો છે જ, પણ ક્યાંક આજે પણ કોઈ ઘોર અંધકારમાં મીણબત્તી પ્રગટાવીને ઊભું છે. ભરૂચ જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં ધૂણી ધખાવીને બેઠેલાં દરિયાદિલ આચાર્યા જ્યોત્સનાબેન બારોટની વાત આજે કરવી છે.



પેલી મીન પિયાસીની કહેણી છે કે, 'સમતાનો જ્યાં સમય થયો, ત્યાં ઊંચું શું ને નીચું શું?' આજ રફતારને પકડીને જ્યોત્સનાબેને આદિજાતિ વિસ્તારનાં બાળકો માટે પોતાની જાત સમર્પિત કરી છે.

'બાલ દેવો ભવ' સૂત્રને સાકાર કરતાં જ્યોત્સનાબેન નવેઠા ગામ જ નહીં, પરંતુ તે પહેલાંની ગંધાર, કરવટ અને ત્રાંકલ–ત્રણેય શાળાઓમાં બાળકો સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયેલાં. પછી વિદ્યાર્થીઓ પોતાની માને નહીં, પરંતુ આ માસ્તરને પહેલાં માંના સ્તર પર મૂકે. અને જ્યારે તેઓ કોઈ પણ શાળા બદલે ત્યારે આખું નિશાળનું ફળિયું રડતું અનેક લોકોએ જોયું છે. જ્યારે તેઓ પોતાની સેવાકાળની બદલી કરી રહ્યા હોય ત્યારે સમગ્ર ગામ તેમને પાછા વાળવા માટે તલપાપડ હતું. કારણ કે જ્યોત્સનાબેન માત્ર શિક્ષિકા નહોતાં, પરંતુ ગરીબ, વંચિત અને પીડિત બાળકોનાં આંસુ લૂછનાર એક સંવેદનશીલ વ્યક્તિત્વ અને હમદર્દ હતાં.

પોતાનો નાનકડો પગાર હોવા છતાં તેમણે બાળકોના શિક્ષણને લગતી કોઈપણ જરૂરિયાત માટે પોતાના પર્સમાં હાથ નાખ્યો હોય, તો તે હાથ કદી પાછો ફર્યો નથી. તેઓ જિંદગીને ખરા અર્થમાં શિક્ષક તરીકે જીવવા માંગે છે તેનું આ તામ્રપત્રમાં લખેલું આ પ્રમાણપત્ર ગણાય!

સને 1999થી શરૂ કરી 25 વર્ષ સુધી ત્રણ શાળાઓમાં તેમણે કામ કરીને TLM કોઈ ગ્રાન્ટમાંથી નહીં, પરંતુ જાતે પૈસા ખર્ચીને બનાવ્યાં. વિદ્યાર્થીઓના ચહેરા ઉપર હંમેશાં મુસ્કુરાહટ જોવાનો તેમણે પ્રયત્ન કર્યો. તેમણે ગમ્મત સાથે જ્ઞાનના વર્ગોમાં વિદ્યાર્થીઓને શીખવવામાં પડતી અગવડતાઓ ધ્યાનમાં લઈને વેસ્ટમાંથી બેસ્ટ બને તેવા શૈક્ષણિક સાધનો વિકસાવ્યાં છે.

# સુરત ગ્રામ્ય LCBનો મોટો ધડાકો : રૂ. 4 કરોડનો 2500 કિલો પોષડોડાનો જથ્થો જપ્ત

## પોલીસને ચકમો આપવા 500ના બદલે 1200 KM લાંબો રૂટ લેનારા બુટલેગરોના મનસૂબા ધૂળધાણી!

સુરત

ગુજરાતને નશા મુક્ત બનાવવાના વિઝન સાથે આગળ વધી રહેલી પોલીસ માટે મોટી સફળતા સામે આવી છે. સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ નશાના કારોબારીઓ સામે અત્યાર સુધીની સૌથી મોટી અને ઘાતક કાર્યવાહી હાથ ધરી છે. બાતમીના આધારે પૂર્વ આયોજિત ટ્રેપ ગોઠવીને પોલીસે રૂ. ૪ કરોડની અંદાજિત કિંમત ધરાવતો ૨૫૦૦ કિલો પોષડોડાનો જંગી જથ્થો ઝડપી પાડીને નશાના મોટો કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી એક મણ (૨૦ કિલો) વજન ધરાવતા એક સરખા ૧૨૫ જેટલા કોથળા ભરીને રાખેલો નશાકારક પદાર્થ ઝડપાયો હતો. આ જથ્થાની વિશાળતા જોઈને ખુદ તપાસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. નશાના આંતરરાજ્ય નેટવર્ક સાથે જોડાયેલા આરોપીઓએ પોલીસની નાકાબંધી અને કડક વોચથી બચવા માટે અત્યંત શાતિર પ્લાન બનાવ્યો હતો. સીધા ૫૦૦ કિલોમીટરના ટૂંકા રસ્તાના બદલે તેમણે ૭૦૦ કિમીનો વધારાનો ચક્કરાવો લઈ ૧૨૦૦ કિલોમીટર લાંબો અને અવાવરૂ રસ્તો પસંદ કર્યો હતો. આરોપીઓનો હેતુ હતો કે લાંબા રૂટ પર પોલીસ ચેકિંગથી બચી શકાશે. પરંતુ સુરત ગ્રામ્ય LCBની ચોક્કસ બાતમી અને સચોટ નેટવર્ક સામે આરોપીઓની આ સ્માર્ટનેસ નકામી સાબિત થઈ હતી. પોલીસે વોચ ગોઠવીને નાકાબંધી દરમિયાન વાહનને આંતરી લીધું હતું અને તલાશી લેતા જ મોટો ધડાકો થયો હતો.

## તંત્રી લેખ...

# સત્તાની રાજનીતિ, વિચારધારાત્મક દ્વંદ્વ અને જનતાના વાસ્તવિક પ્રશ્નો: એક નિષ્પક્ષ વિશ્લેષણ


ભારતીય રાજકારણ અને સામાજિક તાણાવાણામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વર્તમાન શાસક પક્ષની ભૂમિકા હંમેશાં તીવ્ર ચર્ચા અને વિશ્લેષણનો વિષય રહી છે. આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતના નિવેદનો, સંઘની વિચારધારા અને સરકારની કામગીરી અંગે સમાજના વિવિધ વર્ગોમાં જુદા જુદા દ્રષ્ટિકોણ જોવા મળે છે. ખાસ કરીને વક્તવ્યો અને વાસ્તવિક નીતિઓ વચ્ચેનો તફાવત, તેમજ દેશના પાયાના મુદ્દાઓ પર તંત્રની કામગીરી અંગે લોકશાહીમાં તીખા સવાલો ઉઠતા રહ્યા છે.

### વક્તવ્ય અને વિચારધારા વચ્ચેનો દ્વંદ્વ

મોહન ભાગવત દ્વારા અવારનવાર 'બધા નાગરિકોના ડીએનએ એક છે' અથવા સામાજિક સમરસતાના નિવેદનો આપવામાં આવે છે. વિવેચકો અને વિરોધીઓનું માનવું છે કે આ પ્રકારના નિવેદનો માત્ર જાહેર છબી સુધારવા કે જનતાના આક્રોશને શાંત કરવા માટેના હોય છે. બીજી તરફ, સંસ્થાના સમર્થકો આ નિવેદનોને વ્યાપક રાષ્ટ્રીય એકતા અને સનાતન સંસ્કૃતિના ઉદારવાદી દ્રષ્ટિકોણ તરીકે રજૂ કરે છે.

જોકે, ટીકાકારોનો મુખ્ય આરોપ એ રહ્યો છે કે શાખા સ્તરે કે સ્થાનિક કેડરમાં જે કેળવણી આપવામાં આવે છે અને જાહેર મંચ પરથી જે ભાષણો આપવામાં આવે છે, તેમાં ઘણો તફાવત જોવા મળે છે. આ દ્વંદ્વના કારણે રાજકીય વિવેચકો સંઘ અને શાસક પક્ષની કથની અને કરણી સામે સવાલો ઉઠાવતા આવ્યા છે.

### શિક્ષણ, સ્કલો અને પાયાની સુવિધાઓનો સવાલ




દેશના વિકાસના દાવાઓ વચ્ચે શિક્ષણ ક્ષેત્રે થયેલા પરિવર્તનો અંગે પણ ગંભીર ચર્ચાઓ ચાલી રહી છે. છેલ્લા એક દાયકામાં દેશભરમાં હજારો સરકારી શાળાઓ બંધ થવા કે મર્જ થવા અંગેના અહેવાલોએ ચિંતા જગાડી છે. તંત્ર દ્વારા તેને 'શાળાઓનું એકીકરણ' (Merging) અથવા સંસાધનોનો યોગ્ય ઉપયોગ ગણાવવામાં આવે છે, પરંતુ સામાન્ય જનતા અને શિક્ષણશાસ્ત્રીઓના મતે સરકારી શાળાઓ બંધ થવાથી ગરીબ અને સામાન્ય વર્ગના બાળકો માટે શિક્ષણ મેળવવું મુશ્કેલ બની રહ્યું છે.

લોકશાહીમાં રાષ્ટ્રવાદ અને દેશપ્રેમની વ્યાખ્યા માત્ર ભાષણો કે આદર્શવાદી નારાઓ સુધી સીમિત ન હોવી જોઈએ. સાચો દેશપ્રેમ એ દેશના દરેક નાગરિકને ગુણવત્તાયુક્ત શિક્ષણ, રોજગારી, આરોગ્ય અને સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં રહેલો છે.

### લોકશાહીમાં પ્રજાનો અવાજ અને પારદર્શિતાની જરૂરિયાત

કોઈપણ શાસન કે સંસ્થા પર જનતાનો વિશ્વાસ ત્યારે જ ટકી રહે છે જ્યારે નીતિઓમાં પારદર્શિતા હોય અને વચનો વાસ્તવિકતામાં પરિણમે. હિન્દુ રાષ્ટ્ર કે અખંડ ભારત જેવા સૈદ્ધાંતિક વિષયોની ચર્ચા વચ્ચે પ્રજાના કરવેરાના નાણાંનો યોગ્ય ઉપયોગ, મોંઘવારી, બેરોજગારી અને શિક્ષણ જેવા પ્રત્યક્ષ મુદ્દાઓ પર સરકારે અને જવાબદાર સંસ્થાઓએ આત્મમંથન કરવાની જરૂર છે.

જનતા હવે માત્ર આકર્ષક ભાષણો કે આદર્શવાદી વાતોથી સંતોષ માનવા તૈયાર નથી; પ્રજા કાગળ પરની વાતો અને જમીની હકીકત વચ્ચેના તફાવતને જોઈ રહી છે અને તંત્ર પાસે નક્કર કામગીરીની અપેક્ષા રાખે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દેહ ભસ્મ, આત્મા અમર: અંતિમ સંસ્કાર પાછળનું શાશ્વત ધાર્મિક અને વૈજ્ઞાનિક સત્ય

## ધન વારસદારોને મળે છે, શરીર અગ્નિને મળે છે, પરંતુ કર્મો આત્માની સાથે ચાલે છે



મૃત્યુ એ જીવનનું સૌથી અટલ, અંતિમ અને પવિત્ર સત્ય છે. 'જેનો જન્મ થયો છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે'એ આ સૃષ્ટિનો અનાદિ અને શાશ્વત નિયમ છે. મનુષ્ય જન્મ લે છે, જીવન જીવે છે, સંબંધો બાંધે છે, કર્મ કરે છે અને એક દિવસ દેહ ત્યાગી દે છે. પરંતુ મૃત્યુ પછી શરીરને અગ્નિદાહ આપીને કે અન્ય ધાર્મિક વિધિથી વિલીન કેમ કરવામાં આવે છે? શું આ માત્ર એક રૂઢિચુસ્ત પરંપરા કે સામાજિક ક્રિયા છે?

ના, સનાતન ધર્મ, ભગવદ્ ગીતા, ઉપનિષદો અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અનુસાર આ પ્રક્રિયા માત્ર ભૌતિક દેહનો નિકાલ નથી, પરંતુ આત્માની પરમ મુક્તિ, પંચમહાભૂતોની ઋણમુક્તિ અને પ્રકૃતિના શાશ્વત ચક્રમાં પુનઃ વિલીનીકરણનો ગૂઢ આધ્યાત્મિક સંસ્કારછે.

ભારતીય સંસ્કૃતિમાં મનુષ્ય જીવનને ૧૬ પવિત્ર સંસ્કારોમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ સંસ્કાર 'ગર્ભાધાન' થી શરૂ થતી આ જીવનયાત્રાનો અંતિમ અંક એટલે

અંત્યેષ્ટિ સંસ્કાર.

ધાર્મિક ગ્રંથો મુજબ અગ્નિસંસ્કાર એ કોઈ દેહને બાળવાની સાધારણ ક્રિયા નથી, પરંતુ પરમાત્માએ આપેલા આ દેહને અંતે પવિત્ર અગ્નિદેવ દ્વારા ઈશ્વરના ચરણોમાં હોમવામાં આવતી અંતિમ આહુતિ (યજ્ઞ) છે.

ઋણમુક્તિ આ વિધિ દ્વારા મનુષ્ય પોતાના ભૌતિક અસ્તિત્વના તમામ આડંબરો અને સાંસારિક બંધનોમાંથી મુક્ત થઈને પરમ ચૈતન્ય સાથે એકાકાર થાય છે.

આપણું ભૌતિક શરીર પાંચ તત્વોથી બનેલું છેપૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ શાસ્ત્રો અને વિજ્ઞાન બંને કહે છે કે જે તત્વ જ્યાંથી લીધું છે, તેને પૂર્ણ આદર સાથે ત્યાં જ પરત કરી દેવું એ જ કુદરતી ન્યાય છે.

શરીરનો અગ્નિદાહ થતાં જ શરીરનું ઉષ્ણતામાન અને ઊર્જા અગ્નિ તત્વમાં ભળે છે.

વાયુ અને આકાશ પ્રાણવાયુ અને ધુમાડો વાયુ તથા અનંત આકાશમાં વિલીન થાય છે.

જળ અને પૃથ્વી અસ્થિ અને ભસ્મને પવિત્ર નદીઓમાં પધરાવવાથી કે માટીમાં ભળવાથી જળ અને પૃથ્વી તત્વ પોતાનું મૂળ સ્વરૂપ પાછું મેળવે છે.

આ પ્રક્રિયા દર્શાવે છે કે મનુષ્ય પ્રકૃતિથી અલગ નથી, પરંતુ પ્રકૃતિનો જ એક અવિભાજ્ય અંશ છે. ગરુડ પુરાણ માં કહે છે કે મૃત્યુ પછી જીવનો દેહમોહ તોડવા માટે અંતિમ સંસ્કાર જરૂરી છે.

મહાભારતમાં યક્ષે ધર્મરાજ યુધિષ્ઠિરને પૂછ્યું હતું 'દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય શું છે?'

યુધિષ્ઠિરે અદ્ભુત અને ગહન જવાબ આપ્યો.

'દરરોજ આપણી આંખો સામે અસંખ્ય લોકો મૃત્યુ પામે છે, છતાં જીવતો દરેક મનુષ્ય એવું માને છે કે હું ક્યારેય મરીશ નહીં આ જ સંસારનું સૌથી મોટું આશ્ચર્ય છે.'

સ્મશાનની ભસ્મ આપણને એ સત્યનું ભાન કરાવે છે કે રૂપ, રંગ, હોદ્દો, સંપત્તિ અને અહંકાર બધું જ અહીં જ રહી જવાનું છે.

અંતિમ સંસ્કારના મુખ્ય તબક્કા અને તેનું મહત્ત્વ સમજીએ.

અંતિમ સંસ્કાર એ મૃતક પ્રત્યે આદર અને પરિવાર માટે શોકમુક્તિની એક સાયકોલોજિકલ (માનસિક) અને સામાજિક પ્રક્રિયા પણ છે

મૃતકને સ્વચ્છ કરી નવા વસ્ત્રો, તુલસી અને ચંદન અર્પણ કરવા જે દર્શાવે છે કે જીવનનો અંત પણ ગૌરવ અને સન્માન સાથે થવો જોઈએ.

અંતિમ દર્શન અને શબયાત્રા સ્નેહીજનોને અંતિમ વિદાય આપવાની તક મળે છે અને સમાજને એ સત્યનો સ્વીકાર થાય છે કે આપણે સૌએ એક દિવસ આ જ માર્ગે જવાનું છે.

અગ્નિદાહ અને અસ્થિ વિસર્જન દેહને સંપૂર્ણપણે પ્રકૃતિને સમર્પિત કરી આત્માને સાંસારિક મોહમાંથી મુક્ત કરવાની પ્રક્રિયા છે.

સામાજિક અને આરોગ્ય વિજ્ઞાન વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મૃતદેહનો યોગ્ય સમયે અને યોગ્ય રીતે સંસ્કાર કરવાથી વાતાવરણની સ્વચ્છતા જળવાય છે અને આસપાસના લોકોના આરોગ્યનું રક્ષણ થાય છે.

મૃત્યુ એ માત્ર શોક કે ડરનો વિષય નથી, પરંતુ જીવનની સાચી સાર્થકતા સમજવાનો અવસર છે

જીવંત સંબંધોનું મૂલ્ય જે વ્યક્તિ આજે આપણી સાથે છે, તેને જીવતેજીવ પ્રેમ અને આદર આપો. મૃત્યુ પછી અશ્રુભીની અંજલિ આપવા કરતાં જીવતેજીવ સંબંધોની કદર કરવી એ જ સાચો ધર્મ છે.

અંત્યેષ્ટિ સંસ્કાર એ માત્ર એક ધાર્મિક વિધિ કે શોક વ્યક્ત કરવાનો પ્રસંગ નથી, પરંતુ એ મનુષ્ય જીવનના સૌથી મોટા અને શાશ્વત સત્યની અનુભૂતિ છે. આ સંસ્કાર આપણને એ વાતની યાદ અપાવે છે કે આ જગતમાં કંઈપણ કાયમી નથી; આપણું આ સુંદર શરીર, પદ, પ્રતિષ્ઠા, સંપત્તિ અને વૈભવ બધું જ ક્ષણભંગુર છે.

આ પ્રક્રિયા આપણને નિરાશા તરફ નથી લઈ જતી, બલ્કે જીવન જીવવાની સાચી દિશા બતાવે છે. જે ક્ષણે આપણને એ સત્ય સમજાઈ જાય છે કે હું આ ભૌતિક દેહ નથી, પણ અમર આત્મા છું, તે જ ક્ષણે જીવનમાંથી મૃત્યુનો ભય ગાયબ થઈ જાય છે અને સત્કર્મોનો સાચો પ્રારંભ થાય છે. આપણો દેહ ભલે ભસ્મ થઈ જાય, પણ આપણી માનવતા, સ્નેહ અને સત્કર્મોની સુવાસ આ સંસારમાં સદા માટે અમર રહેવી જોઈએ એ જ અંતિમ સંસ્કારનો સાચો ધાર્મિક, આધ્યાત્મિક અને સામાજિક સંદેશ છે.

જન્મ એક અવસર છે, જીવન એક જવાબદારી છે, મૃત્યુ એક પરિવર્તન છે અને આત્મા સદા અવિનાશી છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# અસલી-નકલી એન્કાઉન્ટરનો ભેદ: કાયદાનું રક્ષણ કે,વર્દી પહેરેલો ગુન્હો!?

'એન્કાઉન્ટર' શબ્દ સાંભળતા જ ફિલ્મી દ્રશ્યો આંખ સામે આવે. પોલીસ અને ગુનેગાર સામસામે. ગોળીઓ ચાલે અને ગુનેગાર ઢળી પડે. લોકો તાળીઓ પાડે. પણ પડદા પાછળનું સત્ય ઘણીવાર ફિલ્મ કરતા અલગ હોય છે. ભારતમાં એન્કાઉન્ટરના બે ચહેરા છે - અસલી અને નકલી. બંને વચ્ચેની પાતળી ભેદરેખા જ ન્યાય અને અન્યાય નક્કી કરે છે!

અસલી એન્કાઉન્ટર એટલે શું?

કાયદાની ભાષામાં 'અસલી એન્કાઉન્ટર' એટલે 'Right of Private Defence'. જ્યારે પોલીસ અધિકારી પર ગુનેગાર જીવલેણ હુમલો કરે, કે ભાગવા જતા બીજા નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકે, ત્યારે પોલીસને સ્વબચાવમાં ગોળી ચલાવવાનો હક છે. ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૪ થી ૪૪ આ અધિકાર આપે છે. શરત એટલી કે બળનો ઉપયોગ 'જરૂરી અને પ્રમાણસર' હોવો જોઈએ. જો ગુનેગાર પાસે AK-47 હોય તો પોલીસ લાકડીથી સામનો ન કરી શકે.

અસલી એન્કાઉન્ટરના લક્ષણ:

૧. તાત્કાલિક ખતરો: ગુનેગારે પહેલા ફાયરિંગ કર્યું હોય કે પોલીસ પર હથિયારથી હુમલો કર્યો હોય.

૨. પંચનામું અને પુરાવા: ઘટનાસ્થળે થી ગુનેગારનું હથિયાર મળે, કાર્ટીસ મળે, પોલીસના વાહન પર ગોળીના નિશાન હોય.

૩. સ્વતંત્ર સાક્ષી: આસપાસના લોકો ગોળીબારની પુષ્ટિ કરે.

૪. મેડિકલ રિપોર્ટ: પોલીસને પણ ઈજા થઈ હોય. મૃતકના શરીર પર નજીકથી મારેલી ગોળીના નિશાન ન હોય.



નકલી એન્કાઉન્ટર એટલે શું?

જ્યારે ગુનેગારને કસ્ટડીમાં લીધા પછી, હાથ બાંધીને, નિઃશસ્ત્ર હાલતમાં ગોળી મારી દેવામાં આવે અને પછી વાર્તા બનાવવામાં આવે કે 'એ ભાગવા ગયો અને અમારા પર ફાયરિંગ કર્યું' એ નકલી એન્કાઉન્ટર કહેવાય. આ સીધી હત્યા છે. કાયદાની નજરમાં પોલીસ અને સામાન્ય નાગરિક બંને સરખા છે. વર્દી પહેરીને હત્યા કરો તો ગુનો બમણો બને.

નકલી એન્કાઉન્ટર કેમ થાય છે?

૧. રાજકીય દબાણ: મોટા કેસમાં ઝડપથી 'પરિણામ' લાવવા નેતાઓનો દબાણ હોય છે. '૪૮ કલાકમાં આરોપી જોઈએ, જીવતો કે મરેલો' એવા હુકમ છૂટતા હોય છે.

૨. પ્રમોશન અને શાબાશી: 'એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ' નું ટેગ મળે, મેડલ મળે, આઉટ ઓફ ટર્ન પ્રમોશન મળે. દાઉદના માણસોને પતાવનાર મુંબઈ પોલીસના કેટલાક અધિકારી આનું ઉદાહરણ છે.

૩. ન્યાયતંત્ર પર અવિશ્વાસ: 'કોર્ટમાં તો વકીલો છોડાવી દેશે, ૨૦ વર્ષે કેસ ચાલશે' એવી માન્યતા. પોલીસ જાતે જ ન્યાયાધીશ બની જાય છે.

૪. બદલાની ભાવના: જો ગુનેગારે પોલીસવાળાને માર્યો હોય તો આખી ફોર્સ બદલો લેવા તલપાપડ હોય છે.

નકલી એન્કાઉન્ટરના લક્ષણ:

૧. એકતરફી ગોળીબાર: ફક્ત ગુનેગાર મરે, એક પણ પોલીસને છરકો ન પડે.

૨. હથિયાર પ્લાન્ટ કરવા: મૃતકના હાથ પાસે દેશી તમંચો મૂકી દેવામાં આવે. ફિંગરપ્રિન્ટ મેચ ન થાય.

૩. નજીકથી ગોળી: પોસ્ટમોર્ટમમાં સાબિત થાય કે ગોળી ૨-૩ ફૂટ દૂરથી મારી છે. એન્કાઉન્ટરમાં આવું ન બને.

૪. રાત્રે જ એન્કાઉન્ટર: સાક્ષી ન મળે એટલે મોટાભાગના નકલી એન્કાઉન્ટર રાતના ૨ થી ૪ વાગ્યાની વચ્ચે થાય!

કાયદો અને સુપ્રીમ કોર્ટના નિયમો

PUCL vs State of Maharashtra, ૨૦૧૪ કેસમાં સુપ્રીમ કોર્ટે એન્કાઉન્ટર માટે ૧૬ મુદ્દાની ગાઈડલાઈન આપી.

મુખ્ય નિયમો:

૧. એન્કાઉન્ટરની FIR તરત નોંધવી.

૨. CID કે અન્ય જિલ્લાની પોલીસ દ્વારા સ્વતંત્ર તપાસ.

૩. મેજિસ્ટ્રેટ દ્વારા ન્યાયિક તપાસ ફરજિયાત.

૪. ૬ મહિનામાં તપાસ પૂરી કરવી.

૫. જો નકલી સાબિત થાય તો સામેલ પોલીસ પર હત્યાનો કેસ ચાલે. IPC 302 હવે BNS ૧૦૩ લાગે.

NHRC ના આંકડા: ૨૦૦૦ થી ૨૦૨૦ સુધીમાં ૧૮૭૧ એન્કાઉન્ટર નોંધાયા. તેમાંથી ૧૬૦૦ થી વધુ કેસમાં NHRC એ વળતર ચૂકવવાનો હુકમ કર્યો કારણ કે એન્કાઉન્ટર શંકાસ્પદ હતા.

મોટા કેસોની છણાવટ

૧. બાટલા હાઉસ એન્કાઉન્ટર, દિલ્હી ૨૦૦૮: પોલીસે આતંકવાદીઓને ઠાર કર્યા. કોર્ટે તેને અસલી એન્કાઉન્ટર ગણ્યું કારણ કે ઈન્સ્પેક્ટર મોહનચંદ શર્મા પણ શહીદ થયા હતા. હથિયાર, ગોળીઓના પુરાવા મળ્યા.

૨. ઈશરત જહાં કેસ, ગુજરાત ૨૦૦૪: કોલેજ જતી છોકરી સહિત ૪ લોકોને આતંકવાદી ગણી ઠાર માર્યા. CBI તપાસમાં સાબિત થયું કે એ નકલી એન્કાઉન્ટર હતું. અનેક IPS અધિકારી જેલમાં ગયા.

૩. હૈદરાબાદ વેટરનરી ડોક્ટર કેસ, ૨૦૧૯: બળાત્કારના ૪ આરોપીને 'ભાગવા જતા' ઠાર માર્યા. લોકોએ ફૂલ વરસાવ્યા. પણ સુપ્રીમ કોર્ટની કમિટીએ કહ્યું કે એન્કાઉન્ટર શંકાસ્પદ હતું. આરોપીઓ હાથકડીમાં હતા.

એ વાસ્તે પણ ઉકેલ, એન્કાઉન્ટર ગુના નાબૂદીનો શોર્ટકટ લાગે! કિન્તુ,એ લોકશાહી માટે લાંબા ગાળે ખતરનાક છે. આજે ગુનેગારનું એન્કાઉન્ટર થાય, કાલે નિર્દોષનું થશે. કારણ કે જ્યારે પોલીસને લાગશે કે 'ઉપરવાળા ખુશ છે', ત્યારે સાચા-ખોટાના ભેદ ભૂંસાઈ જશે. ઉકેલ છે - ઝડપી ટ્રાયલ, પોલીસને વૈજ્ઞાનિક તાલીમ, અને એન્કાઉન્ટરની ફરજિયાત વિડિયોગ્રાફી. યાદ રાખો, બંધારણે પોલીસને બંદૂક આપી છે, ન્યાય તોળવાનો હક નહીં!

**- સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત**

# ટાઈમ્સ મેગેઝિનની 'TIME 100' યાદી જાહેર

## શાહરૂખ ખાન અને એસ.એસ. રાજામૌલીને સ્થાન, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ ન હોતાં ભારે ચર્ચા!




વિશ્વવિખ્યાત ટાઈમ્સ (TIME) મેગેઝિન દ્વારા વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની વાર્ષિક યાદી 'TIME 100' જાહેર કરવામાં આવી છે. આ યાદી સામે આવતા જ સમગ્ર દેશમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવો વિવાદ અને ચર્ચાનો દોર શરૂ થયો છે. આ વખતે યાદીમાં ભારતમાંથી બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને 'RRR' ફેમ દિગ્દર્શક એસ.એસ. રાજામૌલીનો સમાવેશ કરાયો છે, પરંતુ વિશ્વના અગ્રણી નેતાઓમાં ગણાતા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ ન હોવાને પગલે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

શાહરૂખ ખાન અને રાજામૌલીનો દબદબો

વૈશ્વિક મનોરંજન ક્ષેત્રે ભારતનો ડંકો વાગ્યા બાદ ટાઈમ્સ મેગેઝિને ભારતીય સિનેમાના આ બે દિગ્ગજોને સ્થાન આપ્યું છે. ભારતીય બોક્સ ઓફિસ પર ધમાકેદાર વાપસી કરનાર શાહરૂખ ખાન અને ભારતીય સિનેમાને ઓસ્કાર સુધી પહોંચાડનાર એસ. એસ. રાજામૌલીની આ સિદ્ધિ ભારતીય ફિલ્મ જગત માટે ગૌરવરૂપ માનવામાં આવી રહી છે.

વડાપ્રધાન મોદીનું નામ ન હોતાં ઉઠ્યા સવાલો

બીજી તરફ, વૈશ્વિક રાજકારણમાં મજબૂત પકડ ધરાવતા અને વિવિધ આંતરરાષ્ટ્રીય કટોકટીઓ વચ્ચે શાંતિ દૂતના રૂપમાં ઉભરી આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ આ યાદીમાં સામેલ ન થતાં દેશભરમાં આશ્ચર્ય અને નારાજગી જોવા મળી રહી છે.

જી-૨૦ પરિષદની સફળ અધ્યક્ષતા, વૈશ્વિક રાજનીતિમાં ભારતનો વધતો પ્રભાવ અને વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર વડાપ્રધાન મોદીની સલાહ અને ભૂમિકાને જોતાં, વિશ્લેષકો અને નાગરિકોનું માનવું છે કે આવી યાદીમાં દેશના વડાપ્રધાનનું નામ ન હોવું એ મેગેઝિનની પોતાની પસંદગી અને માપદંડો પર જ સવાલ ઉભા કરે છે.

જ્યારે યાદીમાં અમેરિકાના પ્રમુખ જો બાઈડન જેવા રાજકીય ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે, ત્યારે વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના નેતાની બાદબાકીથી ટાઈમ્સ મેગેઝિનના આંકલન સામે પ્રશ્નાર્થચિહ્ન મુકાયું છે. જોકે, સમર્થકોનું માનવું છે કે વૈશ્વિક સ્તરે ભારતની વધતી તાકાત અને વડાપ્રધાન મોદીની લોકપ્રિયતા આવા કોઈ મેગેઝિનની યાદી કે રેન્કિંગની મોહતાજ નથી.

# વનનો રાજા વનરાજ...

જંગલ નો રાજા વનરાજ,
શૌર્યનું છે સજીવન પ્રતિક.
એશિયા નો સિંહ વનરાજ,
ગીરની ધરતીનો સાવજ.
જેની ગર્જના ગુંજાવે ગીર,
ગીરવાસીનો શ્વાસ છે સિંહ.
સિંહ છે ગુજરાત ની શાન,
સિંહ ગુર્જરવાસી ની જાન.
સાવજનો રાખીએ ખ્યાલ,
તેના થકી જ પ્રકૃતિ ન્યાલ.
સિંહ બચશે, જંગલ બચશે,
ધરતી બનશે સ્વર્ગ સમાન.
વન ને વનરાજ રહે અખંડ,
ત્યારે પૃથ્વી પર રહે આનંદ.
'નિશુ'કે કરીએ સંકલ્પ આજ,
યુગો જીવંત રાખશું વનરાજ.

**- નિશા ભરતભાઈ ઠાકર'નિશુ'**

# તસવીરમાં છુપાયેલો સાચો પ્રેમ અને વર્તમાનનો અનાદર: આજના યુગમાં કદર વગરની લાગણીઓનું દર્દ

'કોઈ ઈશ્કમાં તસવીરને પણ સંભાળીને બેઠું છે, અને કોઈ હકીકતમાં મળવા છતાં કદર નથી કરતું...!' આ માત્ર બે પંક્તિઓ નથી, પણ વર્તમાન સમયના આભાસી અને બદલાતા પ્રેમ સંબંધોની એક એવી કડવી વાસ્તવિકતા છે જે આજના અનેક યુવાનોના દિલને વિંધે છે. આ એક એવી લાગણીની વાર્તા છે જે આરવ અને અનન્યા વચ્ચે આકાર પામી હતી. આરવ માટે પ્રેમ એ કોઈ દેખાડો નહોતો, પરંતુ સમર્પણ અને પવિત્રતા હતી. તેના માટે અનન્યાની એક નાની સરખી તસવીર પણ આખી દુનિયાથી વિશેષ હતી. પોતાના ફોનના સ્ક્રીન પર, પોતાની પ્રિય ડાયરીના પાનાઓ વચ્ચે અને પોતાના હૃદયના ઊંડા ખૂણામાં તેણે અનન્યાની યાદોને અતિ જતનથી સાચવી રાખી હતી. જ્યારે પણ તે એકલતા કે હતાશા અનુભવતો, ત્યારે એ તસવીરમાં છુપાયેલા નિર્દોષ હાસ્યને જોઈને તેનો આખો થાક ઉતરી જતો. અનન્યાની ગેરહાજરીમાં પણ આરવનો પ્રેમ અપરંપાર હતો. પરંતુ, કહાણીનો બીજો અને અત્યંત દર્દનાક પાસો ત્યારે સામે આવતો જ્યારે બંને હકીકતમાં એકબીજાની સામે હોતાં. અનન્યા જ્યારે રૂબરૂ મળતી, ત્યારે તેના વર્તનમાં એ હૂંફ કે લાગણીનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવતો. સાથે બેઠા હોવા છતાં અનન્યાનું ધ્યાન સતત પોતાના મોબાઈલમાં, સોશિયલ મીડિયાના નોટિફિકેશન્સમાં કે આસપાસની આભાસી દુનિયામાં જ પરોવાયેલું રહેતું.

# જૈવિક પ્રકાશ: જ્યારે સજીવો અંધકારમાં પોતાનું તેજ પ્રગટાવે છે

માનવજાત સદીઓથી કુદરતના અવનવા રહસ્યોને સમજવાનો પ્રયત્ન કરતી આવી છે. વિજ્ઞાન અને તકનીકીએ આપણને ઘણું જ્ઞાન આપ્યું છે, છતાં પણ પ્રકૃતિના ભાથામાં એવા અદ્ભુત ચમત્કારો છુપાયેલા છે જેને જોઈને બુદ્ધિ સ્તબ્ધ થઈ જાય છે. આવો જ એક અત્યંત રસપ્રદ અને રહસ્યમય વિષય છે 'જૈવિક પ્રકાશ' (જૈવિક પ્રકાશ ઉત્સર્જન). આ પ્રકૃતિની એક એવી વિલક્ષણ અને જાદુઈ શક્તિ છે, જેમાં જીવંત સજીવો રાસાયણિક પ્રક્રિયા દ્વારા કોઈ પણ પ્રકારની ગરમી ઉત્પન્ન કર્યા વગર અંધકારમાં પોતાના શરીરમાંથી ઠંડો અને મનમોહક પ્રકાશ પ્રગટાવે છે. અંધારી રાતે દરિયાના મોજાં કે જંગલના વૃક્ષો આપમેળે ઝળહળી ઉઠે ત્યારે પ્રકૃતિનો આ નજારો જાદુઈ નગરી જેવો ભાસે છે. આપણે બધાએ નાનપણમાં ચોમાસાની રાત્રે ઝબૂકતા આગિયા તો જોયા જ હશે, પરંતુ આ જૈવિક પ્રકાશનું અસલી અને વિશાળ સામ્રાજ્ય તો અફાટ સમુદ્રના પેટાળમાં છુપાયેલું છે. દરિયાની સપાટીથી હજારો ફૂટ નીચે, જ્યાં સૂર્યનું એક પણ કિરણ પહોંચી શકતું નથી અને સનાતન અંધકાર રાજ કરે છે, ત્યાં વસતા નેવું ટકા જીવો આ પ્રકાશનો ઉપયોગ કરે છે. કેટલીક માછલીઓ પોતાના શિકારને આકર્ષવા માટે ચહેરા આગળ પ્રકાશના ફાનસ રાખે છે, તો કેટલાક દરિયાઈ જીવો દુશ્મનોથી બચવા માટે આખા સમુદ્રના પાણીમાં વાદળી રંગનો પ્રકાશ ફેલાવી દે છે. જ્યારે સમુદ્રના મોજાં કિનારે આવીને અથડાય છે ત્યારે કિનારો વાદળી રંગની રોશનીથી ચમકી ઉઠે છે. પ્રકૃતિના આ અલૌકિક તેજને કવિતાની આ પંક્તિઓ સુંદર રીતે વાચા આપે છે:

'અંધકારના હૃદયમાં પણ એક અનોખું તેજ ધબકે છે,
જ્યારે કુદરત પોતાની કલમે આખી સૃષ્ટિને ચમકાવે છે.' આ અદ્ભુત ઘટના માત્ર મનોરંજન કે કુતૂહલ પૂરતી સીમિત નથી, પરંતુ આજના વિજ્ઞાન માટે સંશોધનનો બહુ મોટો વિષય બની ચૂકી છે. વૈજ્ઞાનિકો આ જીવોના જનીનનો અભ્યાસ કરીને તબીબી ક્ષેત્રે ગંભીર બીમારીઓના કોષોને ઓળખવા માટે પ્રયોગો કરી રહ્યા છે. એટલું જ નહીં, ભવિષ્યમાં આ તકનીકની મદદથી રસ્તાની આજુબાજુ એવા વૃક્ષો ઉગાડવાની કલ્પના કરવામાં આવી રહી છે જે રાત્રે આપમેળે પ્રકાશ આપશે, જેથી વીજળી વગર પણ રસ્તાઓ ઝળહળતા રહેશે. આ વિજ્ઞાન પૃથ્વીને પ્રદૂષણ મુક્ત અને વધુ હરિયાળી બનાવવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. સ્વાર્થ વગર પ્રકૃતિ આપણને કેવો અદ્ભુત માર્ગ બતાવે છે, તેને લોકહૃદય હંમેશાં આ રીતે બિરદાવે છે: 'નથી જોઈતી એને કોઈ વીજળી કે નથી જોઈતું કોઈ ઈંધણ,
કુદરત પોતે જ પ્રગટાવે છે અંધકારમાં પોતાનું તેજસ્વી કિરણ.' આ જૈવિક પ્રકાશ પ્રક્રિયા એ સાબિત કરે છે કે પ્રકૃતિ ક્યારેય કોઈ પણ જીવને અસહાય નથી છોડતી. જ્યાં ઘોર અંધકાર છે, ત્યાં પણ ભગવાને જીવોને પોતાનો પ્રકાશ સાથે લઈને ચાલવાની શક્તિ આપી છે. આ વિષય આપણને જીવન જીવવાનો એક બહુ મોટો સંદેશ આપે છે કે ગમે તેટલી મુશ્કેલી કે અંધકાર હોય, માણસે પોતાના આંતરિક ગુણોનો પ્રકાશ ક્યારેય ઝાંખો પડવા દેવો જોઈએ નહીં. વિજ્ઞાન, પ્રકૃતિ અને જીવનની ફિલસૂફીનો આ સમન્વય આવનારી સદીઓ સુધી માનવજાતને નવી દિશા અને પ્રેરણા આપતો રહેશે તેમાં કોઈ શંકા નથી.

**- રૂપેશ સોલંકી**



# વિશ્વ આદિવાસી દિવસે જાણો દાહોદ જિલ્લાના આદિવાસીઓનાં રસપ્રદ રીવાજો અને પરંપરા

## કેટલાંક આદિવાસી પરિવારો માને છે કે પૃથ્વીનો નાશ નક્કી છે, એટલે ઘરમાં ઉંધા ફરતા કાંટાવાળી ઘડિયાળ રાખે છે : આદિવાસી પરિવારના ઘરે લગ્ન હોય ત્યારે હળદરવાળાં ચોખા મોકલી આમંત્રણ આપવાની પરંપરા હજુ જીવંત છે

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

ગુજરાતના પૂર્વના પ્રવેશ દ્વાર અને ઉગતા સૂર્યના પ્રદેશ તરીકે ઓળખ ધરાવતો દાહોદ પૌરાણિક પ્રાંત છે. દેવલોકના રાજા ઈન્દ્રને અસુર સામે લડવા માટે વ્રજ બનાવવા માટે પોતાના અસ્થિનું દાન આપનારા ઋષિ દધિચિ મુનીની તપોભૂમિ છે. અંગ્રેજો સામે ખુમારી પૂર્વક લડનારા સંત ગોવિંદ ગુરુના સત્ અને તપની ભૂમિ છે. દાહોદ આદિવાસીઓનો મૂલક છે.



અહિના આદિવાસીઓ મહેનતકશ, ખમીરવંતા અને ખડતલ છે. આદિવાસીઓ પાસે પોતાની આગવી સાંસ્કૃતિક વિરાસત, રહેણીકહેણી છે. દાહોદમાં મુખ્યત્વે પટેલિયા, ભીલ અને થોડા દૂબળા આદિવાસીઓનો વસવાટ છે. તેમના સામાજિક અને ધાર્મિક રીતરિવાજો અલગ છે, પરંતુ આ રિવાજો રસપ્રદ હોવાની સાથે તેમાં પ્રારંભિકકાળના સ્થળ, સ્થિતિ સંજોગોને વણી લઈને બનાવાયા છે.

૨૧મી સદીના આધુનિક યુગમાં અનેક રિવાજો ચલણમાંથી ભૂંસાઈ ગયા છે તો કેટલાક રિવાજો અને માન્યતાઓ આજે પણ ચાલે છે. નવમી ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે મનાવવામાં આવે છે, ત્યારે આ રિવાજો અને માન્યતા વિશે જાણવું રસપ્રદ બની રહેશે. જેમ કે, દાહોદમાં વસતા આદિવાસી સમાજનો એક વર્ગ એવું દ્રઢપણે માની રહ્યો છે કે પૃથ્વિનો વિનાશ નક્કી છે અને ઘડિયાલના કાંટા જેમજેમ ફરે છે તેમતેમ વિનાશકાળ નજીક આવી રહ્યો છે. એટલે, ઘણા પરિવારો પોતાની ઘરે ઘડિયાળના કાંટા ઉંધા ફરે છે. ઈલેક્ટ્રીકલ ઘડિયાલ બનાવી તે ઘરમાં લગાવે છે. મેં કાંઇ તમને થોડા ચોખાહળદર આપ્યા છે? અહીં એનો મતલબ આમંત્રણને લગતો છે. લગ્ન પ્રસંગોમાં કંકોતરીનું અસ્તિત્વ નહોતું ત્યારે આદિવાસી સમાજમાં જેમના ઘરે લગ્ન હોય તે પોતાના પરિવારજનોને હળદરવાળા ચોખા આપીને લગ્નમાં પધારવા માટે આમંત્રણ આપતા હતા. જો કે, હવે કંકોતરીની સાથે આ ચોખા આપવામાં આવે છે. ઘણા આદિવાસીઓમાં લગ્નની વિધિ જેમના વર કે વધૂના ફૂવા દ્વારા કરાવવામાં આવે છે. લગ્નવિધિ સાવ સરળ હોય છે. એમાં દેવીદેવતાનું પૂજન કરી ફેરા ફરવાના હોય છે. પ્રસંગોપાત નાચગાયન કરવાનો શોખીન આદિવાસી સમાજમાં પહેલા પરંપરાગત વાદ્યો સાથે થતાં નૃત્યોનું સ્થાન હવે આધુનિક પ્રકારના નૃત્યોએ લઈ લીધું છે. નાનામોટા પ્રસંગે ડીજેનો ખાસ બોલાવવામાં આવે છે. અન્ય કોઈ જિલ્લામાં નહિ હોય એટલા ડીજે દાહોદમાં હશે ! આદિવાસી લઢણમાં સ્થાનિક કલાકારોના કંઠે ગવાયેલા ગીતો યુટ્યુબ ઉપર લાખો લોકો નિહાળે છે. લાડી ગેહવી, એવો એક રીવાજ છે. એમાં યુવકયુવતી પરસ્પર પસંદ કરતા હોય તો ભાગી જઈને લગ્ન કરી લે છે. શહેરીજનોએ એક વાત આ આદિવાસીઓ પાસેથી શીખવા જેવી છે કે અહીં દીકરા અને દીકરી વચ્ચે ભેદ કરવામાં આવતો નથી.

### વાડી માલિકના પુત્ર સહિત 7 બાજીગરો ઝડપાયા

# બોખીરા રાતડા સીમમાં ધમધમતા જુગારના અડ્ડા પર LCBનો દરોડો

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લા પોલીસ દ્વારા દારૂ અને જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત સ્થાનિક ગુના શાખા (એલસીબી)ને વધુ એક સફળતા મળી છે. ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન હદના બોખીરા રાતડા સીમ વિસ્તારમાં આવેલી એક વાડીના રહેણાંક મકાનમાં ચાલી રહેલા જુગારના અડ્ડા પર દરોડો પાડી વાડી માલિકના પુત્ર સહિત કુલ સાત જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.




જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા (આઈપીએસ) અને પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા (આઈપીએસ)ના માર્ગદર્શન હેઠળ એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે બોખીરા ચામુંડા માતાજીના મંદિર નજીક રાતડા સીમ વિસ્તારમાં આવેલી વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ભરત દેવાભાઈ કેશવાલા પોતાના રહેણાંક મકાનમાં બહારથી લોકોને બોલાવી ગંજીપત્તાના પાનાથી 'તીનપત્તી રોનપોલીસ' નામનો હારજીતનો જુગાર રમાડતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી કુલ સાત આરોપીઓને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન ગંજીપત્તાના ૫૨ પાના, રોકડા રૂપિયા ૧,૧૨,૮૦૦ તથા પાથરણું મળી કુલ રૂ. ૧,૧૨,૮૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

ઝડપાયેલા આરોપીઓ સામે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નં. B-11218010260 654/2026 હેઠળ જુગારધારા કલમ 4 અને 5 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# નડિયાદમાં ગટરની સમસ્યા મુદ્દે મોટો બબાલ: મનપાના ડેપ્યુટી મેયર કલ્પેશ રાવળ સામે અરજદાર સાથે ઉદ્ધતાઈના આક્ષેપથી ખળભળાટ!

નડિયાદ

નડિયાદ શહેરના ચંપા તલાવડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની અને રોડ રસ્તાની વિકટ સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પુકારી ઉઠ્યા છે. પ્રાથમિક સુવિધાઓ મેળવવા માટે ઝઝૂમી રહેલા સ્થાનિકોની સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે હવે આ મુદ્દે રાજકીય અને સામાજિક ગરમાવો આવી ગયો છે. સ્થાનિક રહીશો દ્વારા ગટર સાફ કરાવવા અને નવો રોડ બનાવી આપવાની વ્યાજબી માંગ સાથે નડિયાદ મહાનગરપાલિકામાં રજૂઆત કરવા પહોંચેલા અરજદાર સાથે ડેપ્યુટી મેયર કલ્પેશ રાવળે અત્યંત ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હોવાનો સનસનાટીભર્યો આરોપ મુકવામાં આવ્યો છે. જનતાના પ્રતિનિધિ તરીકે બેઠેલા જવાબદારો દ્વારા આ પ્રકારનું વલણ દાખવવામાં આવ્યું હોવાના આક્ષેપથી ચંપા તલાવડી વિસ્તારના રહીશોમાં ભારે આક્રોશ અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. બીજી તરફ, પોતાની સામે લાગેલા તમામ આક્ષેપો અંગે પ્રતિભાવ આપતા મનપાના ડેપ્યુટી મેયર કલ્પેશ રાવળે અરજદાર સાથે ઉદ્ધતાઈભર્યા વર્તનની વાતને સખત શબ્દોમાં ફગાવી દીધી છે અને આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. જોકે, નેતાઓ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપના ખેલ વચ્ચે ચંપા તલાવડીના રહીશો આજે પણ ગંદકી અને ખરાબ રસ્તાની યાતના ભોગવવા મજબૂર બન્યા છે. હવે જોવાનું એ રહેશે કે મનપા તંત્ર આ વિસ્તારની ગંભીર સમસ્યાનો ઉકેલ લાવે છે કે પછી રાજકીય સત્તાના નશામાં પ્રજાના પ્રશ્નો આમ જ રઝળતા રહેશે!

# સવર્ણ ગરીબોના નામે EWS અનામત: ગરીબોનો સાચો અધિકાર કે સમાનતા લાવવાની દિશામાં મોટું કદમ

ગાંધીનગર

ભારતમાં અનામત પ્રથા હંમેશા સામાજિક અને રાજકીય ચર્ચાનો અતિ સંવેદનશીલ વિષય રહ્યો છે. આર્થિક રીતે નબળા વર્ગો (EWS - Economically Weaker Sections) માટે ૧૦ ટકા અનામત લાવવાના નિર્ણય બાદ સમાજના વિવિધ વર્ગોમાં આ મુદ્દે તીખી ચર્ચાઓ અને વિશ્લેષણો શરૂ થયા છે. એક તરફ જ્યાં આ નિર્ણયને આર્થિક રીતે પછાત સવર્ણ પરિવારો માટે ન્યાય અને રાહત તરીકે જોવામાં આવી રહ્યો છે, તો બીજી તરફ નીતિવિષયક નિષ્ણાતો અને વિવેચકો તેના અમલીકરણ અને મૂળ ઉદ્દેશ્યો સામે અનેક સવાલો પણ ઉઠાવી રહ્યા છે. બંધારણીય સુધારા દ્વારા લાવવામાં આવેલી EWS અનામતનો મુખ્ય હેતુ એવા બિન-અનામત વર્ગના લોકોને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં તક આપવાનો છે, જેઓ સામાજિક રીતે પછાત નથી પરંતુ આર્થિક વિષમતા અને ગરીબીના કારણે આગળ વધી શકતા નથી. મોંઘવારી અને આકરા સ્પર્ધાત્મક યુગમાં આર્થિક રીતે નબળા પરિવારોના તેજસ્વી યુવાનોને સમાન તકો મળે તે હેતુથી આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી હતી. જોકે, વર્તમાન સમયમાં EWS અનામતની પાત્રતા અને દાવેદારી અંગે કેટલાક ગંભીર સવાલો પણ ઊભા થઈ રહ્યા છે: આવક મર્યાદાની વ્યવહારુ સમીક્ષા: EWS અનામત માટે નક્કી કરાયેલી વાર્ષિક રૂ. ૮ લાખ સુધીની આવક મર્યાદા ખરેખર ગરીબ કે જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે છે કે કેમ, તે અંગે ચર્ચા ચાલુ છે. વિવેચકોનું માનવું છે કે અતિ ગરીબ અને મધ્યમ વર્ગ વચ્ચેનો તફાવત સ્પષ્ટ થવો જરૂરી છે. સાચા હકદારો સુધી લાભ: અમલવારી દરમિયાન યોગ્ય ચકાસણીના અભાવે આર્થિક રીતે સક્ષમ લોકો પણ બોગસ પ્રમાણપત્રો મેળવીને સાચા ગરીબ યુવાનોનો હક ન છીનવે તે જોવું તંત્ર માટે મોટો પડકાર છે. અનામતનો મૂળ બંધારણીય આધાર સામાજિક પછાતપણું હતો, ત્યારે આર્થિક આધાર ઉમેરાતા ભવિષ્યમાં તમામ વર્ગો વચ્ચે સંતુલન જાળવવું પડકારજનક બનશે. EWS અનામત એ આર્થિક રીતે નબળા વર્ગોને આગળ લાવવાનો એક આશાસ્પદ પ્રયાસ ચોક્કસ છે, પરંતુ તેનો લાભ માત્ર અને માત્ર ખરેખર જરૂરિયાતમંદ અને આર્થિક રીતે વંચિત પરિવારો સુધી જ પહોંચે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. તંત્ર દ્વારા પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયા અત્યંત પારદર્શક બનાવવી જોઈએ, જેથી કોઈ પણ પ્રકારના ગેરરીતિ વગર સાચા હકદાર યુવાનોને આ યોજનાનો લાભ મળી શકે.

# છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતાના ધજાગરા: પીએમ રૂમ પાસેથી ભૂંડનો મૃતદેહ મળતા લોકોમાં રોષ

છોટાઉદેપુર ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાંથી એક અત્યંત શરમજનક અને આરોગ્ય તંત્રની પોલ ખોલતી ઘટના સામે આવી છે. દર્દીઓની સારવાર માટે બનાવાયેલી સિવિલ હોસ્પિટલ જાણે બેદરકારીનો અડ્ડો બની ગઈ હોય તેમ, હોસ્પિટલના જ કમ્પાઉન્ડમાં પીએમ રૂમ પાસેથી એક ભૂંડનું મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલની સ્વચ્છતા અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર જગજાહેર થઈ છે. હોસ્પિટલ પરિસરમાં જ પીએમ રૂમની બિલકુલ નજીક એક ભૂંડનું મૃતદેહ લાંબા સમય સુધી પડ્યું રહ્યું હતું. રોજિંદા ધોરણે અહીં સેંકડો દર્દીઓ અને તેમના સ્વજનો સારવાર માટે આવતા હોય છે. આવી સંવેદનશીલ જગ્યાએ ગંદકી અને રોગચાળો ફેલાવતા આવા દ્રશ્યો સામે આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલ જેવી જગ્યાએ જ્યાં શુદ્ધતા અને સ્વચ્છતા જળવાવી જોઈએ, ત્યાં પીએમ રૂમ જેવા સંવેદનશીલ વિસ્તારમાં અબોલ જીવનું મૃતદેહ પડ્યો રહે તે તંત્રની નિષ્ક્રિયતા સાબિત કરે છે. જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. આ ઘટનાએ હોસ્પિટલના સત્તાધીશોની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. સવાલ એ થાય છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના કે રોગચાળાની રાહ જોઈ રહ્યું છે? હવે જોવું એ રહ્યું કે જિલ્લા વહીવટી તંત્ર આ મામલે શું કડક પગલાં ભરે છે અને સિવિલ હોસ્પિટલની વ્યવસ્થાઓ ક્યારે સુધરે છે.

### તલાટી કમ મંત્રીએ રૂ.10.20 લાખ RTGS મારફતે ઉપાડ્યા

# શિનોર પોલીસની મોટી કાર્યવાહી: દોઢ વર્ષથી ફરાર તલાટી કમ મંત્રી ઝડપાયા

સાધલી, હસમુખ પટેલ

સંદીપસિંહ પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ તથા સુશીલ અગ્રવાલ પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય દ્વારા તાબા હેઠળના તમામ પોલીસ સ્ટેશનને જરૂરી સૂચના આપી અને ગુનેગારોને ઝડપી પાડવા તાકીદ કરેલ છે. શિનોર પોલીસે પી.આઈ.આર.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ આજે દોઢ વર્ષથી ભાગેલા આરોપી તલાટી કમ મંત્રીને ઝડપી પાડેલ છે. શિનોર પોલીસ સ્ટેશને સાધલી ગ્રામ પંચાયત દ્વારા FIR નંબર 11197046250 તારીખ 22 જાન્યુઆરી 2025 ના રોજ IPC 409 તથા 114 હેઠળ ગુનો દાખલ કર્યો હતો. તેને આજરોજ એક વર્ષ અને છ માસ પૂરા થયા છે, શિનોર પોલીસે ભાગી ગયેલા આરોપી તલાટી કમ મંત્રીને આજે ઝડપી પાડેલ છે. આ ગુનાની ટુંકી વિગત મુજબ આરોપી તલાટી કમ મંત્રી નીતિન મુકેશ જેતાણી દ્વારા સાધલી ગ્રામ પંચાયતના BANK OF BARODA ના ખાતામાંથી ચેક ની રકમ RTGS થી પોતાના SBI શિનોર બેંકના ખાતામાં રૂપિયા 10,20,856 જમા કરાવી ,પોતાના અંગત ઉપયોગમાં લીધા હતા. અને સાધલી ગ્રામ પંચાયતના BANK OF BARODA માંથી 1,44,500 નો ચેક અલ્પેશ ભાઈલાલભાઈ પટેલ ને લખી આપી તેની પાસેથી રોકડા લીધા હતા. આમ તલાટી કમ મંત્રી નીતિન જેતાણી દ્વારા સરકાર સાથે વિશ્વાસઘાત કરી સરકારી નાણાં અંગત ઉપયોગમાં લઈ ઉચાપત કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હતો, જેની તપાસ તત્કાલીન પી.એસ.આઈ. એમ.એસ.જાડેજા કરી રહ્યા હતા. પરંતુ ગમે તે કારણોસર તે નિષ્ફળ રહ્યા હતા. સહ આરોપી અલ્પેશ ભાઈલાલભાઈ પટેલ ની વિરુદ્ધમાં કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ હતી ,પરંતુ ત્યારબાદ તેઓનું મૃત્યુ થયું હતું. અને હાલ મુખ્ય આરોપી નિતીન મુકેશ જેતાણી છેલ્લા એક વર્ષ અને છ માસથી ભાગી ગયેલ હતા. શિનોર પોલીસ જે હાલમાં ઘણા ગુના ડિટેક્ટ કરવામાં અગ્રેસર છે, તેઓએ આ ભાગેડુ નીતિન મુકેશ જેતાણી ને BNSS કલમ 72 મુજબનું વોરંટ મેળવી આ તલાટી ને 404 આસ્થા રેસીડેન્સી, સાયણ રોડ, સુરત શહેર ,સૂર્યા કિરણ ફાયર પ્રોટેક્શનસીટ, હાર્ટ કોમ્પ્લેક્સ સાયન રોડ ખાતેથી ઝડપી પાડેલ છે.

# ઈડર તાલુકાના ઓડા ગ્રામ પંચાયતનો મસ્ટર કારકુન લાંચ લેતા ઝડપાયો

ઈડર, જાકીર મેમણ

આવાસ યોજનાના હપ્તા પેટે 15,000 માંગતા ACBએ કાર્યવાહી કરી ઈડર તાલુકાના ઓડા ગ્રામ પંચાયતના મનરેગા વિભાગમાં ફરજ બજાવતા મસ્ટર કારકુન (મેટ) રમેશચંદ્ર મણીલાલ પંડ્યાને એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આવાસ યોજનાના હપ્તા પેટે 15,000ની લાંચ માંગતા તેમની ધરપકડ કરવામાં આવી હતી.ACB પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદીના પત્નીના નામે દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાન સહાય મંજૂર થઈ હતી. આ સહાયનો પ્રથમ હપ્તો 30,000 ફરિયાદીના બેંક ખાતામાં જમા થયા બાદ, આરોપી કારકુન રમેશચંદ્ર પંડ્યાએ ફરિયાદીનો ફોન પર સંપર્ક કર્યો હતો પંડ્યાએ મકાન સહાયના પ્રથમ હપ્તામાંથી 15,000ની લાંચની માંગણી કરી હતી. આ ઉપરાંત, તેમણે મનરેગા યોજનામાં પણ કંઈક ઓછું કરી આપવાની વાતચીત કરી હતી. ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી, તેમણે હિંમતનગર ACB કચેરીનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી.

### ઈડર-વડાલી તાલુકામાં આરોગ્ય વીમાના નામે કરોડોનું કૌભાંડ?

# ગંભીર બીમારીઓ છુપાવી પોલિસી અને મૃત્યુ બાદ લાખોના ક્લેમમાં મસમોટા ગોટાળાની ચર્ચા!

ઇડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઇડર અને વડાલી તાલુકામાં આરોગ્ય તેમજ જીવન વીમાના નામે મોટા પાયે કરોડો રૂપિયાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની ચર્ચાઓએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચાવી દીધી છે. સ્થાનિક સ્તરે ઉઠેલા આક્ષેપો મુજબ, કેટલાક ગંભીર બીમારીઓથી પીડાતા વ્યક્તિઓની તબીબી વિગતો અને જૂનો ઈતિહાસ છુપાવીને મોટા મૂલ્યની વીમા પોલિસીઓ મેળવવામાં આવે છે. ત્યારબાદ વ્યક્તિના મૃત્યુ પછી ક્લેમ પ્રક્રિયામાં ગેરરીતિઓ આચરીને લાખો રૂપિયાના દાવાઓ મંજૂર કરાવી લેવામાં આવે છે.

સૂત્રો દ્વારા મળતી સનસનાટીભરી માહિતી મુજબ, આ સમગ્ર કાળી કરતૂત કોઈ એક વ્યક્તિનું કામ નથી પરંતુ એક આખું ગેરકાયદેસર નેટવર્ક કામ કરી રહ્યું છે:

એજન્ટો અને મધ્યસ્થીઓની ભૂમિકા: ગંભીર બીમારી ધરાવતા લોકોને શોધીને તેમની સાચી સ્થિતિ છુપાવી પોલિસી પાસ કરાવવી.

તપાસ અધિકારીઓની સાંઠગાંઠ: મૃત્યુ બાદ દાવાની ચકાસણી કરવા આવતા અધિકારીઓ અને સર્વેયરો યોગ્ય દસ્તાવેજોની ચકાસણી કર્યા વગર જ શંકાસ્પદ ક્લેમોને લીલી ઝંડી આપી દેતા હોવાના આરોપો.

મોટા ક્લેમ્સ મંજૂર: અગાઉથી બીમાર વ્યક્તિઓના નામે ટૂંકા સમયમાં જ મોટા ક્લેમ્સ મંજૂર કરાવીને કરોડો રૂપિયાનો સટ્ટો રમાઈ રહ્યો છે.

સ્થાનિકોની માંગ: ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ તપાસ થવી જોઈએ

આરોપોની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી તંત્ર દ્વારા કરવામાં આવી નથી, પરંતુ પંથકમાં ચાલી રહેલી ગંભીર ચર્ચાઓને પગલે સ્થાનિક નાગરિકોમાં ભારે આક્રોશ છે.

લોકોની પ્રબળ માંગ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઇડર અને વડાલી તાલુકામાં મંજૂર થયેલા તમામ મોટા વીમા ક્લેમોની સ્વતંત્ર અને ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવે. જો સંબંધિત વીમા કંપનીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આ મામલે કડક તપાસ હાથ ધરવામાં આવે, તો વીમા ક્ષેત્રમાં આચરવામાં આવતા કરોડો રૂપિયાના આંતરરાષ્ટ્રીય સ્તરના કૌભાંડનો મોટો પર્દાફાશ થઈ શકે તેમ છે.

### જાણો MDRનો આખો મામલો

# શું ₹2,000થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર ચાર્જ લાગશે, નાણા મંત્રી નિર્મલા સીતારમણે કરી સ્પષ્ટતા

ગાંધીનગર

દેશમાં ડિજિટલ પેમેન્ટ અને UPIનો ઉપયોગ કરતા કરોડો લોકો માટે છેલ્લા કેટલાક દિવસોથી એક સમાચાર ચર્ચાનો વિષય બન્યા હતા કે 2,000થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર વધારાનો ચાર્જ ચૂકવવો પડી શકે છે. વિપક્ષો અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી વિવિધ અફવાઓ વચ્ચે દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ મામલે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ કરી દીધું છે. આ અહેવાલમાં સમજો કે સંસદમાં રજૂ થયેલું નવું બિલ શું છે, MDR નો નિયમ કોને લાગુ પડશે અને સામાન્ય નાગરિકોના ખિસ્સા પર તેની કોઈ અસર થશે કે નહીં. સામાન્ય ગ્રાહકો માટે UPI બિલકુલ ફ્રી રહેશે: નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોશિયલ મીડિયા અને સંસદીય બાબતોના સંદર્ભમાં સ્પષ્ટતા કરી છે કે ગ્રાહકો (End-users) માટે UPI ટ્રાન્ઝેક્શન સંપૂર્ણપણે મફત જ રહેશે. જો કોઈ ચાર્જ કે MDR લાવવામાં આવશે, તો તે માત્ર વેપારીઓ (Merchants) પર લાગુ થશે, સામાન્ય કસ્ટમર પર નહીં. Person-to-Person (P2P) એટલે કે એક વ્યક્તિથી બીજી વ્યક્તિને મોકલાતા પૈસા પર કોઈ ચાર્જ નહીં લાગે. સંસદમાં રજૂ થયેલું નવું બિલ: સરકારે સંસદમાં ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2026 રજૂ કર્યું છે, જેમાં પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007ની કલમોમાં સુધારો કરવાનો પ્રસ્તાવ છે. આ બિલ સરકારને એ અધિકાર આપે છે કે તે નક્કી કરી શકે કે કયા ઈલેક્ટ્રોનિક પેમેન્ટ મોડ્સ પર શુલ્ક મુક્ત રાખવા અને કયા માળખા પર ચાર્જ લાગુ કરી શકાય.

શું છે MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) નો નિયમ?: MDR એવો ચાર્જ છે જે વેપારીઓ ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા બદલ બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ (જેમ કે PhonePe, Paytm, Google Pay) ને ચૂકવે છે. 2020થી UPI પર મર્ચન્ટ માટે પણ MDR શૂન્ય હતો. પ્રસ્તાવિત નીતિ મુજબ મોટા વેપારીઓ પાસે 2,000થી વધુના ટ્રાન્ઝેક્શન પર સામાન્ય MDR (0.25% થી 0.5% ની આસપાસ) લેવાની વિચારણા ચાલી રહી છે.

# છોટાઉદેપુર તાલુકા પંચાયત ભવનનું ઉદ્ઘાટન કરતાં સાંસદ જશુભાઈ રાઠવા સહિત રાજકીય આગેવાનો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકા પંચાયત ભવન જે કચેરી જૂની અને જર્જરીત થઈ ગઈ હોય જેનું નવું મકાન સરકાર દ્વારા બનાવવામાં આવ્યું છે. અને અધ્યતન સુવિધાઓથી સજ્જ આ નવા તાલુકા પંચાયત ભવનનું ઉદ્ઘાટન આજરોજ છોટાઉદેપુર લોકસભા સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે કરવામાં આવ્યું છે ઘણા સમયથી નવી અને મોટી બિલ્ડિંગની જરૂરત હોય જે બિલ્ડીંગ તૈયાર થઈ જતા આજરોજ તાલુકા પંચાયત ભવન ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય



રાજેન્દ્રસિંહ રાઠવા જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ રાઠવા નારાયણ ભાઈ રાઠવા, સંગ્રામસિંહ રાઠવા જિલ્લા તાલુકા વિકાસ અધિકારી દિપકભાઈ ચૌધરી સહિત રાજકીય આગેવાનો અધિકારીઓ અને જાહેર જનતા ઉપસ્થિતિમા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા છોટાઉદેપુર તાલુકા પંચાયત ભવનનું આજ રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું આ બિલ્ડીંગ રૂપિયા 2 કરોડ 99 લાખના ખર્ચે બનાવી હોય જે અધ્યતન સુવિધાઓથી સજ્જ હોય અને પ્રજા માટે અતિ ઉપયોગી હોય જે નવી કચેરીનો આરંભ થતાં પ્રજામાં પણ આનંદની લાગણી ફેલાઈ છે .



### એકતા અને ગુનીત મોંગા અનેક વિકલ્પો પર વિચારણા કરી રહ્યા છે

# જાહ્નવી કપૂર અને શ્રીલીલા માટે એકતા કપૂર દ્વારા હિરોની શોધ

મુંબઇ

એકતા કપૂર જાહ્નવી કપૂર અને શ્રીલીલાને લઈને એક પ્રણયત્રિકોણ આધારિત રોમેન્ટિક થ્રિલર બનાવી રહી છે. આ ફિલ્મનું દિગ્દર્શન ઉમેશ બિશ્ત કરશે. ઓક્ટોબરથી શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે, પરંતુ હજુ સુધી હીરો મળ્યો નથી. બે હિરોઈન એક જ હીરો માટે પાગલ હોય તેવી વાર્તા ધરાવતી આ ફિલ્મનું ટાઈટલ પણ નક્કી થયું નથી. એકતા અને ગુનીત મોંગા અનેક વિકલ્પો પર વિચારણા કરી રહ્યા છે. એકતા કપૂર જાહ્નવી કપૂર તથા શ્રીલીલાને લઈને એક રોમાન્ટિક થ્રીલર બનાવી રહી છે. પરંતુ, તેને આ બે હિરોઈન સામેનો હિરો હજુ મળ્યો નથી. બે યુવતીઓ એક જ હિરો માટે પાગલ હોય છે તેવી સ્ટોરી ધરાવતી ફિલ્મ માટે એકતા જાહ્નવી તથા શ્રીલીલા બંને સાથે જોડી જમાવી શકે તેવા સારા એક્ટરની શોધમાં છે. તે અને સહ નિર્માત્રી ગુનીત મોંગા અનેક વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. એકતા આ ફિલ્મનું આગામી ઓક્ટોબરથી શૂટિંગ શરુ કરી દેવા ધારે છે. પરંતુ, હિરોની શોધમાં વિલંબ થઈ રહ્યો છે. હજુ સુધી એકતા ફિલ્મનું ટાઈટલ પણ ફાઈનલ કરી શકી નથી. આ ફિલ્મનું દિગ્દર્શન 'પગલૈટ' તથા ' ધી ટ્રાયલ સીઝન ટૂ'ના ડિરેક્ટર ઉમેશ બિશ્ત કરવાના છે. તેલુગી અભિનેત્રી શ્રીલીલા 'લેનિન'ની સફળતા પછી ઓનલાઈન આલોચનાનો ભોગ બની છે, જેમાં ભાગ્યશ્રી બોર્સેએ દર્શકોને અખિલ અક્કીનેનીની મુખ્ય નાયિકા કરતા વધુ પ્રભાવિત કર્યા. અગાઉ આ રોલ માટે શ્રીલીલા કાસ્ટ થઈ હતી અને પ્રોજેક્ટ છોડી દેવા અગાઉ લગભગ એક અઠવાડિયાનું શૂટિંગ પણ કર્યું હતું.

સર્જકોએ આ બાબતે કોઈ સ્પષ્ટતા ન કરી, પણ અહેવાલ મુજબ શ્રીલીલા શૂટિંગ માટે અનુકૂળ તારીખો ન આપી શકતાં તેને રવાના કરી દેવાઈ હતી.

ફિલ્મ રજૂ થયા પછી ભાગ્યશ્રી બોર્સેની તેના અભિનય અને સ્ક્રીન હાજરી માટે વ્યાપક પ્રશંસા થઈ છે. પણ સાથે શ્રીલીલા સાથે સરખામણી પણ થવા લાગી અને અનેક સોશિયલ મીડિયા વપરાશકારોએ દાવો કર્યો કે આ રોલ માટે ભાગ્યશ્રી જ શ્રેષ્ઠ હતી.

આ વિવાદથી શ્રીલીલાના તાજેતરના કારકિર્દી સંબંધિત નિર્ણયો અને ફિલ્મ પસંદગી બાબતે સવાલો પણ ઊભા થયા છે.

**એક પ્રણયત્રિકોણ આધારિત રોમેન્ટિક થ્રિલર બનાવી રહી છે.**

# સલમાન બાદ હવે આમિર ખાન મુશ્કેલીમાં

## સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટની જવાબદારી પર આ કેસ સવાલો ઊભા કરી રહ્યો છે

મુંબઇ

મુંબઈઃ વૈશ્વિકમંચ પર ભારતને ગૌરવ અપાવનાર માત્ર ખેલાડીઓ જ નહીં પણ ઘણી એવી સુંદરીઓ પણ છે જેને દુનિયાભરમાં ભારતનો ડંકો વગાડી દીધો છે. ફિટનેસ મોડલથી લઈને મોડલિંગ સુધીના ક્ષેત્રમાં આ યુવા ગર્લ્સે ભારતને ગૌરવ અપાવ્યું છે.

ફરી એકવાર હવે મિસ વર્લ્ડ પેજન્ટમાં ભારતને રિપ્રેઝન્ટ કરવા માટે નિકિતા પોરવાલ જઈ રહી છે. આ પહેલા પ્રિયંકા ચોપરા, માનુષી છિલ્લર જેવી સફળ મોડલ પણ આ વિશ્વકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે. હવે મિસવર્લ્ડ 2026ની તૈયારીઓ ચાલી રહી છે. જેમાં હવે ભારતમાંથી નિકિતા પોરવાલનું નામ ચર્ચામાં છે. મિસ વર્લ્ડ પેજન્ટ 2026માં ભારતનું પ્રતિનિધિત્વ નિકિતા પોરવાલ કરી રહી છે. આ માટેની તૈયારીઓ પણ તેણે શરૂ કરી દીધી છે. તાજેતરમાં તેણે આપેલી એક ખાસ મુલાકાતમાં કહ્યું હતું કે આ સ્પર્ધા માટે ઘણા સમયથી મહેનત કરી રહી છું. દરરોજ કંઈક નવું શીખી રહી છું. ફિટનેસ, કમ્યુનિકેશન, રેમ્પ વૉક અને ઈન્ટરવ્યૂ માટેની તૈયારીઓ માટે હું મારી જાતને માનસિક રીતે ફીટ કરી રહી છું. મારો ટાર્ગેટ માત્ર બેસ્ટ પર્ફોમ કરવાનો નથી પણ દુનિયા સામે ભારતને સંપૂર્ણ રીતે રજૂ કરીને ગર્વ અપાવવાનો છે. ઈમાનદારીથી તેને રજૂ કરવાનો છે.આ એક એવો અહેસાસ છે જેને સંપૂર્ણ રીતે શબ્દોમાં વ્યક્ત કરી શકાય એમ નથી. જ્યારે તમારા નામની સાથે ઈન્ડિયા લખેલું જોડાય જાય છે ત્યારે માત્ર તે એક ફેશન નથી પણ કરોડો લોકોની નજર તમારા પર હોય છે. લોકોને તમારા પર એક વિશ્વાસ હોય છે. હું ઉત્સાહી તો છું જ પણ સાથે સાથે ભાવુક પણ છું.





# 'બટવારા 1947'ના પ્રમોશન માટે લખનઉ પહોંચ્યા સની દેઓલ

## સની દેઓલ અને પ્રીતિ ઝિંટાએ લખનઉમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના સરકારી નિવાસસ્થાને મુલાકાત કરી હતી

મુંબઇ

બોલિવૂડ અભિનેતા સની દેઓલ અને પ્રીતિ ઝિંટા તેમની આગામી ફિલ્મ 'બટવારા 1947'ને લઈને ચર્ચામાં છે. રાજકુમાર સંતોષીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફિલ્મના પ્રમોશન માટે શુક્રવારે 7 ઓગસ્ટે સની દેઓલ લખનઉ પહોંચ્યા હતા, જ્યાં તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન અભિનેત્રી પ્રીતિ ઝિંટા પણ તેમની સાથે હાજર રહી હતી. સરકારી નિવાસસ્થાને થઈ મુલાકાત સની દેઓલ અને પ્રીતિ ઝિંટાએ લખનઉમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના સરકારી નિવાસસ્થાને મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન ફિલ્મ અને અન્ય મુદ્દાઓ અંગે વાતચીત થઈ હતી. મુલાકાત બાદ મુખ્યમંત્રીએ બંને કલાકારોને હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓ ભેટમાં આપી હતી. ત્રણેયે સાથે ફોટોગ્રાફ્સ પણ પડાવ્યા હતા. સની દેઓલે મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને મુખ્યમંત્રી સાથે મળીને ખુશી વ્યક્ત કરી હતી. યોગી આદિત્યનાથે પણ મુલાકાતની તસવીરો શેર કરી હતી. લખનઉમાં ફિલ્મનું પ્રમોશન. 'બટવારા 1947'ની રિલીઝ પહેલાં સની દેઓલ અને પ્રીતિ ઝિંટા ફિલ્મના પ્રમોશન માટે લખનઉ પહોંચ્યા હતા. આ દરમિયાન સની દેઓલના પુત્ર કરણ દેઓલ પણ હાજર રહ્યા હતા. ફિલ્મ 14 ઓગસ્ટ 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. બોક્સ ઓફિસ પર તેનો મુકાબલો ઈમરાન હાશમીની 'આવારાપન 2' સાથે થવાની શક્યતા છે. રાજકુમાર સંતોષીના નિર્દેશનમાં બનેલી 'બટવારા 1947' ભારત-પાકિસ્તાનના ભાગલાની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. ફિલ્મમાં પ્રેમ, ત્યાગ અને હિંમતની કહાની રજૂ કરવામાં આવી છે. ફિલ્મમાં સની દેઓલ અને પ્રીતિ ઝિંટા ઉપરાંત શબાના આઝમી, કરણ દેઓલ, અલી ફઝલ, અભિમન્યુ સિંહ, ખુશી હજારે અને કનિકા કપૂર સહિતના કલાકારો મહત્વની ભૂમિકામાં જોવા મળશે.





# રણબીર કપૂરની 'રામાયણ' 6 નવેમ્બરના રોજ રિલીઝ નહીં થાય

## જોકે, નમિત મલ્હોત્રાના એક નિવેદને પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે અને મૂંઝવણ દૂર કરી છે

મુંબઇ

રણબીર કપૂરની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ 'રામાયણ'તા. 6 નવેમ્બરે ભારતમાં રિલીઝ થશે નહીં. મેકર્સે ફિલ્મની રિલીઝડેટમાં ફેરફાર કર્યા છે. આ અંગે એક નવી અપડેટ પણ જાહેર કરવામાં આવી છે. ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ આ માહિતી શૅર કરી છે.સોની પિક્ચર્સે તાજેતરમાં રણબીર કપૂરની આગામી ફિલ્મ 'રામાયણ' ની રિલીઝ તારીખની જાહેરાત કરી છે. આ ફિલ્મ 6 નવેમ્બરના રોજ રિલીઝ થવાની છે. જોકે, 'રામાયણ' ના ઓફિશિયલ પેજ કે નિર્માતા નમિત મલ્હોત્રા તરફથી રિલીઝ તારીખ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ફક્ત એવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું કે ફિલ્મ દિવાળીની આસપાસ રિલીઝ થશે. આનાથી ચાહકો થોડા મૂંઝવણમાં મુકાયા હતા. જોકે, નમિત મલ્હોત્રાના એક નિવેદને પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે અને મૂંઝવણ દૂર કરી છે. ફિલ્મ નિર્માતા નમિત મલ્હોત્રાએ કહ્યું કે,આ ફિલ્મ દિવાળી પર ભારતમાં રિલીઝ થઈ રહી છે. અંગ્રેજી ભાષાના ટ્રેલરમાં તા.6 નવેમ્બરનો ઉલ્લેખ હોવા અંગે પૂછવામાં આવ્યું ત્યારે અને શું ભારતની રિલીઝ તારીખ બદલાઈ ગઈ છે? આ સવાલના જવાબમાં નમિત મલ્હોત્રાએ બે અલગ અલગ તારીખોનું કારણ સમજાવ્યું. તેમણે કહ્યું,અમે આ ફિલ્મને તા.6 નવેમ્બરે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં રિલીઝ કરી રહ્યા છીએ. આંતરરાષ્ટ્રીય ડિસ્ટ્રીબ્યુટર્સ શુક્રવારની રિલીઝ પેટર્નને અનુસરે છે, તેથી જ તે 6 નવેમ્બરે વિદેશમાં રિલીઝ થઈ રહી છે. જોકે, ભારતમાં, અમે દિવાળી પર રિલીઝ કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.સોની પિક્ચર્સે તાજેતરમાં રણબીર કપૂરની આગામી ફિલ્મ 'રામાયણ' ની રિલીઝ તારીખની જાહેરાત કરી છે. નમિત મલ્હોત્રાના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે 'રામાયણ' ભારતમાં તા.8 નવેમ્બરે રિલીઝ થશે, જ્યારે તેની વિદેશમાં રિલીઝ તા.6 નવેમ્બરે થવાની છે. સોની પિક્ચર્સ ફિલ્મનું વિદેશમાં પણ ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટ કરે છે. તેથી જ સ્ટુડિયોએ આંતરરાષ્ટ્રીય રિલીઝ તારીખની જાહેરાત કરી છે.

# કંગના રનૌતનો યુ-ટર્ન: 'ગટર જનરેશન'માંથી અચાનક 'Gen Z' બની ગઈ દેશની ધરોહર!

મુંબઇ

બોલીવુડની અભિનેત્રી અને ભાજપ (ભારતીય જનતા પાર્ટી)નાં સાંસદ કંગના રનૌતે 'જેન ઝી' અંગેના પોતાના નિવેદનને હવે અચાનક ફેરવી તોળ્યું છે. આશરે દસ દિવસ પહેલાં વિદ્યાર્થીઓના આંદોલનને લઈને 'જેન ઝી'ને 'ગટર જનરેશન' અને 'ગટર છાપ' ગણાવનારી કંગના હવે એ જ યુવા પેઢીને દેશની સૌથી મોટી તાકાત અને રાષ્ટ્રની ધરોહર ગણાવી રહી છે. તેમના આ બદલાયેલા વલણની ચર્ચા રાજકીય અને સોશિયલ મીડિયામાં જોરશોરથી થઈ રહી છે. આ બદલાવ એવા સમયે સામે આવ્યો છે જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સરસંઘચાલક મોહન ભાગવતે મુંબઈમાં જેન ઝી અને જેન આલ્ફા સાથે સંવાદ સાધ્યો હતો. લગભગ એક કલાક ચાલેલા આ સંવાદ દરમિયાન તેમણે કહ્યું હતું કે નવી પેઢી અગાઉની પેઢી કરતાં વધુ દેશભક્ત અને ઈમાનદાર છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે યુવાનોની વાત સાંભળવી જોઈએ અને સંવાદના અભાવને કારણે જ દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓનું આંદોલન ઊભું થયું. મોહન ભાગવતના નિવેદન બાદ સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન કંગના રનૌતે કહ્યું કે 'જેન ઝી અમારી સૌથી મોટી તાકાત છે અને અમને અમારી જેન ઝી પર ગર્વ છે.' તેણે એમ પણ કહ્યું કે દેશના યુવાનો ભારતની સંસ્કૃતિના એમ્બેસેડર તરીકે ઉભરી રહ્યા છે અને સમાજને આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. કંગનાએ એમ પણ કહ્યું કે તમામ યુવાનોનું વિરોધ પ્રદર્શન કરનારા થોડાક લોકોના આધારે મૂલ્યાંકન ન થવું જોઈએ. તેમના મતે ઝારખંડમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ, દેશ માટે મેડલ જીતનારા ખેલાડીઓ અને વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક યોગદાન આપતા યુવાનો જ સાચી જેન ઝીનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે દાવો કર્યો કે સરકારને મળતો જનાદેશ પણ મોટા પ્રમાણમાં યુવા પેઢીનો જ છે.



### એક-બે નહીં 13 સ્ટાર ખેલાડીઓ NCAમાં રિહેબ હેઠળ

# શ્રીલંકા સીરિઝ પહેલા ટીમ ઈન્ડિયા ભારે મુશ્કેલીમાં

મુંબઈ



ટીમ ઈન્ડિયા માટે ઈજાની ચિંતાઓ વધી ગઈ છે. વર્તમાન ટીમ અને ભવિષ્યની યોજનાઓમાં સામેલ 13 ખેલાડીઓ હાલમાં બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (NCA)માં રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યા છે. કોલંબોમાં શ્રીલંકા સામેની વોર્મ-અપ મેચના પ્રથમ દિવસે શુભમન ગિલ રમ્યા ન હતા, જેનાથી ચિંતા વધુ વધી છે. જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડી પહેલાથી જ આ પ્રવાસમાંથી બહાર થઈ ચૂક્યા છે, જ્યારે વોશિંગ્ટન સુંદર અને સાઈ સુદર્શનની ફિટનેસ પર હજુ પણ શંકાના વાદળો ઘેરાયેલા છે. ટીમ ઈન્ડિયાનું ઈજા સંકટ ઘેરાયું

જસપ્રીત બુમરાહ: ડાબા ઘૂંટણમાં સોજાને કારણે બેંગલુરુ પહોંચ્યા હતા. રિહેબ દરમિયાન તેમને દોડવામાં તકલીફ થઈ રહી છે, જેના કારણે તેમની વાપસી માટે કોઈ ચોક્કસ સમયસીમા નક્કી કરાઈ નથી. હાર્દિક પંડ્યા: ડાબા ક્વાડ્રિસેપ્સની ઈજામાંથી બહાર આવતી વખતે તેમને જમણા પગની પિંડીમાં દુખાવો થયો હતો. જોકે, સારવાર બાદ તેમણે ફરીથી દોડવાનું શરૂ કરી દીધું છે. શુભમન ગિલ: પ્રેક્ટિસ સેશન દરમિયાન તેમની જમણી આંગળીમાં ઈજા થઈ હતી.

સાવચેતીના ભાગરૂપે તેઓ શ્રીલંકા XI સામેની વોર્મ-અપ મેચના પ્રથમ દિવસે મેદાનમાં ઉતર્યા ન હતા. તેમની ગેરહાજરીમાં કે.એલ. રાહુલે સુકાનીપદ સંભાળ્યું હતું. સાઈ સુદર્શન: ભારત 'એ' ટીમના પ્રવાસ દરમિયાન જમણા પગના અંગૂઠામાં લાગેલી ઈજાના કારણે શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચની શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. શુભમન ગિલની પ્રથમ ટેસ્ટમાં રમત પર સંશય હોવાના કારણે નંબર 3 પર દેવદત્ત પડિક્કલ બેટિંગ કરવા આવ્યા હતા, અને તેમણે શાનદાર પ્રદર્શન કરીને પ્લેઈંગ 11 માં પોતાની દાવેદારી નોંધાવી છે.

## KKRના સ્ટાર ખેલાડીએ અભિનેત્રી સાથે કર્યા લગ્ન, ગુપચુપ યોજાયેલા સમારોહમાં અર્શદીપ પહોંચ્યો

નવી દિલ્હી

આઈપીએલ (IPL) માં શાહરૂખ ખાનની કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમ માટે રમનાર યુવા ક્રિકેટર રમદીપ સિંહ અને પ્રખ્યાત અભિનેત્રી ચાર્લી ચોહાણે ગુપ્ત રીતે લગ્ન કરી લીધા છે. તેમના લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહી છે. 'કેસી યે યારિયાં' ફેમ ચાર્લી ચોહાણ હવે મિસમાંથી મિસીસ બની ગઈ છે. પંજાબ કિંગ્સના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી આ કપલને સત્તાવાર રીતે અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ગુરુદ્વારામાં પારંપરિક શીખ વિધિથી લગ્ન ક્રિકેટર રમદીપ સિંહની ઉંમર 29 વર્ષની છે. તેમણે અભિનેત્રી ચાર્લી ચોહાણ સાથે કોઈ મોટા દેખાડા વગર એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કર્યા છે. બંનેએ ગુરુદ્વારામાં પહોંચીને પારંપરિક શીખ વિધિથી આનંદ કારજ સંપન્ન કર્યા છે. આ લગ્નમાં માત્ર બંનેના પરિવારજનો, ખાસ મિત્રો અને નજીકના સંબંધીઓ જ હાજર રહ્યા હતા. ભારતીય ઝડપી બોલર અર્શદીપ સિંહ પણ બરાતી બનીને આ લગ્નમાં પહોંચ્યા હતા. બંનેએ પોતાના સંબંધોને અત્યાર સુધી એકદમ ગુપ્ત રાખ્યા હતા, જેના કારણે ફેન્સ આશ્ચર્યચકિત થઈ ગયા છે. લગ્નની તસવીરોમાં અભિનેત્રી ચાર્લી ચોહાણ ઘાટા લાલ રંગના લહેંગામાં અદભુત સુંદર લાગી રહી હતી. તેના લહેંગા પર ખૂબ જ આકર્ષક ગોલ્ડન વર્ક કરવામાં આવ્યું હતું.


### ભારત સૌથી વધુ રમ્યું, ઓસ્ટ્રેલિયા જીતમાં આગળ

## 5 હજાર ઈન્ટરનેશનલ મેચોવાળી પ્રથમ ફોર્મેટ બની વનડે

મુંબઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રથમ વખત કોઈ ફોર્મેટમાં 5 હજાર મેચ પૂરી થઈ છે. આ સિદ્ધિ વનડેને મળી છે. જે સ્કોટલેન્ડમાં હમણાં કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ હતી ત્યાં જ 5000મી વનડે મેચ પણ રમાઈ હતી. શુક્રવારે સ્કોટલેન્ડ અને કેનેડા વચ્ચે રમાયેલી આ મેચ સ્કોટલેન્ડે 9 રનથી જીતી લીધી. વનડે ફોર્મેટ 1971માં અસ્તિત્વમાં આવ્યું.

ટેસ્ટ ક્રિકેટ શરૂ થયાના 94 વર્ષ પછી. ટેસ્ટ હજુ 3000 મેચના આંકડા સુધી પણ પહોંચી નથી અને વનડેએ 5 હજાર મેચની સફર પૂરી કરી લીધી છે. 1971થી અત્યાર સુધી 55 વર્ષમાં 29 દેશોએ વનડે રમી. આ જ ફોર્મેટમાંથી વર્લ્ડ કપનો કોન્સેપ્ટ આવ્યો અને આ જ ફોર્મેટમાં ભારત પ્રથમ વખત ચેમ્પિયન પણ બન્યું. ભારતે 1081 વનડેમાં 575 મેચ જીતી. મેચોની દ્રષ્ટિએ ઓસ્ટ્રેલિયા બીજા સ્થાને છે, જ્યારે જીતની દ્રષ્ટિએ પહેલા સ્થાને છે.



ઓસ્ટ્રેલિયાને 1025 મેચોમાં 619માં જીત મળી. પાકિસ્તાન ત્રીજા સ્થાને છે. તેણે 1002 મેચ રમી અને 529માં જીત નોંધાવી. ઓસ્ટ્રેલિયા અને ભારતે ઘરઆંગણે સૌથી વધુ મેચ જીતી છે. ઓસ્ટ્રેલિયાને 298, ભારતને 235 મેચમાં જીત મળી. જોકે, વિદેશમાં જીતના મામલે ભારત, પાકિસ્તાનથી પાછળ છે. પાકિસ્તાને વિદેશમાં 395, જ્યારે ભારતે 340 મેચ જીતી છે.

## સાઈ સુદર્શન બહાર થતાં નંબર-3 પર કોણ રમશે?

### પડિક્કલની સદીથી ટીમ ઈન્ડિયાની ચિંતા થઈ દૂર

મુંબઈ

ભારતીય ટીમને આ મહિને શ્રીલંકા સામે તેની જ ધરતી પર બે મેચોની ટેસ્ટ સિરીઝ રમવાની છે. પ્રથમ ટેસ્ટ મેચ 15 ઓગસ્ટથી ગોલના ગોલ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે, જ્યારે બીજી અને છેલ્લી ટેસ્ટ મેચ 23 ઓગસ્ટથી કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ ક્લબમાં યોજાશે. ટેસ્ટ સિરીઝ પહેલા ભારતીય ટીમ 'શ્રીલંકા ક્રિકેટ XI' સામે ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચ રમી રહી છે. કોલંબોના એનસીસી ગ્રાઉન્ડ પર રમાઈ રહેલા આ મુકાબલાના બીજા દિવસે (8 ઓગસ્ટ) દેવદત્ત પડિક્કલનો જલવો જોવા મળ્યો. પડિક્કલે 121 બોલમાં 103 રન બનાવ્યા હતા, જેમાં 14 ચોગ્ગા



સામેલ છે. પડિક્કલે રમેશ મેન્ડિસના બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી. જોકે, સદી પૂરી કર્યા બાદ તરત જ દેવદત્ત પડિક્કલ રિટાયર્ડ આઉટ થઈને પવેલિયન પરત ફર્યો હતો. પડિક્કલે સદી ફટકારીને નંબર-3 પોઝિશન માટે પોતાની દાવેદારી મજબૂત કરી છે. સાઈ સુદર્શન ટેસ્ટ સિરીઝમાંથી બહાર થઈ ગયો છે, આવી સ્થિતિમાં ગોલ ટેસ્ટ મેચમાં પડિક્કલનું નંબર-3 પર રમવું હવે લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે. જોકે, ભારત પાસે નંબર-3 માટે ધ્રુવ જુરેલના રૂપમાં પણ એક વિકલ્પ ઉપલબ્ધ છે. ભારતીય ટીમની પ્રથમ ઈનિંગ્સની શરૂઆત ખરાબ રહી હતી અને બીજા જ બોલે યશસ્વી જયસ્વાલ ખાતું ખોલાવ્યા વિના જ પવેલિયન પરત ફર્યો હતો. યશસ્વીને ફાસ્ટ બોલર વિશ્વ ફર્નાન્ડોએ આઉટ કર્યો હતો. અહીંથી કેએલ રાહુલ અને દેવદત્ત પડિક્કલે બીજી વિકેટ માટે 96 રનની પાર્ટનરશિપ કરી. રાહુલે 5 ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 67 બોલમાં 40 રન બનાવ્યા હતા. કેએલ રાહુલની વિકેટ કેશરા નુવાંથાએ ઝડપી હતી. રાહુલના આઉટ થયા બાદ રવીન્દ્ર જાડેજા અને પડિક્કલ વચ્ચે ત્રીજી વિકેટ માટે 72 રનની પાર્ટનરશિપ બની.



### આ અઠવાડિયે કિંમતી ધાતુઓમાં આવ્યો મોટો ઉછાળો

## સોનું રૂ.6,000 અને ચાંદી રૂ.13,000 મોંઘી!

નવી દિલ્હી

ડોલર ઈન્ડેક્સ પર દબાણ અને ફુગાવો ઘટવાની શક્યતાને પગલે સોના અને ચાંદીમાં આ અઠવાડિયે મોટો ઉછાળો આવ્યો છે, જેના કારણે સોનું રૂ.6,000 અને ચાંદી રૂ.13,000 મોંઘી થઈ છે. ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશન મુજબ 24 કેરેટ સોનાનો ભાવ આ અઠવાડિયે 6,761 રૂપિયા વધીને પ્રતિ 10 ગ્રામ 1,49,621 થઈ ગયો છે, જે પહેલા પ્રતિ 10 ગ્રામ 1,42,860 પર હતો. સોનાના ભાવમાં મોટો ઉછાળો 22 કેરેટ સોનાનો ભાવ વધીને પ્રતિ 10 ગ્રામ 1,37,053 થયો છે, જે પહેલા પ્રતિ 10 ગ્રામ 1,30,860 હતો. 18 કેરેટ સોનાની કિંમત વધીને પ્રતિ 10 ગ્રામ 1,12,216



થઈ છે, જે પહેલા પ્રતિ 10 ગ્રામ 1,07,145 હતી. આ અઠવાડિયે સોનામાં સૌથી નીચો ભાવ 3 ઓગસ્ટે સાંજના સત્રમાં પ્રતિ 10 ગ્રામ 1,42,557 નોંધાયો હતો. જ્યારે સૌથી ઊંચો ભાવ 7 ઓગસ્ટે સાંજના સત્રમાં પ્રતિ 10 ગ્રામ 1,49,621 નોંધાયો હતો. સોનાની સાથે ચાંદીના ભાવમાં પણ ઉછાળો જોવા મળ્યો છે. ચાંદીનો ભાવ 13,086 વધીને પ્રતિ કિલો 2,31,381 થઈ ગયો છે, જે પહેલા પ્રતિ કિલો 2,18,295 હતો.

આ અઠવાડિયે ચાંદીમાં સૌથી ઊંચો ભાવ 7 ઓગસ્ટે સાંજના સત્રમાં પ્રતિ કિલો 2,31,381 નોંધાયો હતો. જ્યારે સૌથી નીચો ભાવ 3 ઓગસ્ટે સાંજના સત્રમાં પ્રતિ કિલો 2,17,287 નોંધાયો હતો. કિંમતી ધાતુઓમાં કેમ આવ્યો મોટો ઉછાળો? IBJA દ્વારા દિવસમાં બે વાર સવાર અને સાંજના સત્રમાં સોના-ચાંદીના ભાવ જાહેર કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાનો ભાવ 4,400 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદીનો ભાવ 63 ડોલર પ્રતિ ઔંસ નજીક પહોંચી ગયો છે.

### આ નિર્ણય ગ્રાહકોના હિતોનું રક્ષણ કરશે

## ઈન્શ્યોરન્સ ક્લેમમાં વિલંબ હવે કંપનીઓને મોંઘો પડશે, વધારાનું વ્યાજ ચૂકવવા આદેશ

**કેન્દ્ર સરકારે વીમા દાવાઓના મનસ્વી અસ્વીકાર રોકવા અને પ્રક્રિયાને પારદર્શક બનાવવા કડક નિર્ણય લીધો છે. હવે કોઈ પણ દાવો નામંજૂર કરતા પહેલા સંબંધિત સમિતિની મંજૂરી ફરજિયાત રહેશે**

મુંબઈ

કેન્દ્ર સરકારે ઈન્શ્યોરન્સ ક્લેમના સમાધાનમાં વિલંબ અંગે કડક વલણ અપનાવ્યું છે. સરકારે વીમાના દાવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, જવાબદાર અને ગ્રાહક-મૈત્રીપૂર્ણ બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. નવી જોગવાઈઓ હેઠળ, જો કોઈ વીમા કંપની નિર્ધારિત સમયમર્યાદામાં ક્લેમ ચૂકવવામાં નિષ્ફળ જાય છે તો તેણે બેંક દર કરતાં બે ટકા વધુ વ્યાજ સાથે રકમ ચૂકવવાની રહેશે. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું કે સરકાર, વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (આરડીએઆઈ) સાથે મળીને ઈન્શ્યોરન્સ ક્લેમના સમાધાન પર સતત દેખરેખ રાખી રહી છે. આ માટે, ગ્રાહકોની ફરિયાદો અને દાવા સંબંધિત બાબતોનું નિરીક્ષણ




વિવિધ ચેનલો દ્વારા કરવામાં આવે છે, જેમાં વીમા ભરોસા પોર્ટલનો પણ સમાવેશ થાય છે. સરકારે દાવા અસ્વીકાર પ્રક્રિયાને પણ વાધુ પારદર્શક બનાવી છે. મનસ્વી અસ્વીકારને રોકવા માટે, વીમા દાવાને નકારી કાઢતા પહેલા સંબંધત સમિતિની મંજૂરી મેળવવી હવે ફરજિયાત રહેશે. વીમા કંપનીઓએ તેમની પોલિસીમાં સમગ્ર ઈન્શ્યોરન્સ ક્લેમ પ્રોસેસ અને જરૂરી દસ્તાવેજોની યાદી સ્પષ્ટ રીતે જણાવવાની રહેશે. ગ્રાહકો ઓનલાઈન પોર્ટલ, કોલ સેન્ટર અથવા અન્ય અધિકૃત ચેનલો દ્વારા સરળતાથી ક્લેમ કરી શકશે. વીમા કંપનીઓએ આ પ્રક્રિયામાં સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે. આ સિવાય સૌથી મહત્વનું જો ચૂકવણી નિર્ધારિત સમયમર્યાદામાં કરવામાં નહીં આવે તો કંપનીઓએ બેંક દર કરતાં બે ટકા વાધુ વ્યાજ સાથે ક્લેમની રકમ ચૂકવવાની રહેશે. વીમા કંપનીઓએ દાવાઓનું ઝડપી અને વાજબી સમાધાન સુનિશ્ચિત કરવાની જરૂર પડશે. કંપનીના ટોચના અધિકારીઓએ જવાબદારી સુનિશ્ચિત કરવા માટે નિયમિત દેખરેખ જરૂરી છે.

સરકારના મતે આ ફેરફારો પોલિસીધારકોના અધિકારોને મજબૂત બનાવશે, ઈન્શ્યોરન્સ ક્લેમ પ્રોસેસમાં પારદર્શિતા વધારશે અને ગ્રાહકોને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરશે.

### ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI રહેશે ફ્રી

## UPI પેમેન્ટ પર ચાર્જ અંગે સૌથી મોટો ભ્રમ દૂર! ગ્રાહકો અને નાના વેપારીઓને મોટી રાહત

મુંબઈ

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) પર ચાર્જ વસૂલવામાં આવશે તેવી વિવિધ ચર્ચાઓ વચ્ચે પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)એ સ્પષ્ટતા કરી છે. PCIએ જણાવ્યું છે કે સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી પહેલાની જેમ જ સંપૂર્ણપણે મફત રહેશે.

હવે મૂળ મુદ્દો એ છે કે ઝડપથી વધી રહેલા આ ડિજિટલ પેમેન્ટ નેટવર્કને લાંબા સમય સુધી કેવી રીતે મજબૂત અને ટકાઉ બનાવી શકાય, જેને ધ્યાનમાં રાખીને કેટલાક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI રહેશે ફ્રી PCIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ




X પર સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, વર્ષ 2016માં UPIની શરૂઆત થઈ ત્યારથી જ સરકાર અને પેમેન્ટ ક્ષેત્રે ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લીધો નથી અને ભવિષ્યમાં પણ ગ્રાહકો કોઈ પણ ચાર્જ વગર UPIનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત નાના દુકાનદારો અને કરિયાણા વેપારીઓ પાસેથી પણ UPI પેમેન્ટ સ્વીકારવા પર કોઈ મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લેવામાં આવશે નહીં. UPIને નાના કારોબારીઓ સુધી ડિજિટલ પેમેન્ટની સુવિધા પહોંચાડવાના હેતુથી બનાવવામાં આવ્યું હતું અને તેમની સુવિધા હંમેશા પ્રાથમિકતા રહેશે. UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બની ચૂકી છે. દર મહિને અબજોના ટ્રાન્ઝેક્શન થતા હોવાને કારણે આ સિસ્ટમને સુરક્ષિત, મજબૂત અને ટકાઉ બનાવી રાખવા માટે જરૂરી રોકાણ અને માળખા પર ચર્ચા થઈ રહી છે. જોકે, તેનાથી ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ વધારાનો બોજ પડશે નહીં.

## ફેસબુક-ઈન્સ્ટાગ્રામની કાનૂની સુરક્ષા સરકાર પાછી ખેંચી શકે છે

- **ભલામણ સિસ્ટમ અને પૈસાના બદલામાં કન્ટેન્ટ પ્રમોશન મોટો મુદ્દો, મેટાને માનવીય દેખરેખ વધારવા નિર્દેશ**

મુંબઈ

સોશિયલ મીડિયા કંપની મેટા અને ભારત સરકાર વચ્ચે ચાલી રહેલી બેઠકો બાદ એક મોટો કાનૂની અને ટેકનિકલ સવાલ ઊભો થયો છે. સરકારી સૂત્રો અનુસાર મુખ્ય મુદ્દો એ છે કે શું મેટાની ભલામણ સિસ્ટમ અને પૈસાના બદલામાં કન્ટેન્ટનું પ્રમોશન તેને એક સામાન્ય પ્લેટફોર્મ જાળવી રાખે છે કે પછી તે પબ્લિશરની ભૂમિકામાં આવી જાય છે. જો કોઈ પ્લેટફોર્મ પોતે જ નક્કી કરે કે કયા યુઝરને કયું કન્ટેન્ટ બતાવવામાં આવશે અને પૈસા લઈને કન્ટેન્ટને પ્રમોટ કરે, તો તેને પબ્લિશર માની શકાય છે. આવું થવા પર કંપનીએ તેના પ્લેટફોર્મ પર પોસ્ટ થતા કન્ટેન્ટની સંપૂર્ણ જવાબદારી લેવી પડશે અને IT એક્ટ હેઠળ મળતી કાનૂની છૂટ એટલે કે સેફ હાર્બર સ્ટેટસ ગુમાવવું પડી શકે છે. 'સેફ હાર્બર' પ્રોટેક્શન શું છે અને મેટાનું સ્ટેટસ શા માટે જોખમમાં છે? IT એક્ટની કલમ 79 સોશિયલ મીડિયા કંપનીઓને 'સેફ હાર્બર' એટલે કે કાનૂની સુરક્ષા કવચ આપે છે. આ અંતર્ગત કોઈ યુઝર દ્વારા પોસ્ટ કરવામાં આવેલી વિવાદાસ્પદ અથવા ખોટી માહિતી માટે ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મને સીધા જવાબદાર ઠેરવવામાં આવતા નથી. જોકે, આ છૂટ ત્યાં સુધી જ મળે છે જ્યાં સુધી કંપની સંપૂર્ણપણે 'ડ્યુ ડિલિજન્સ' એટલે કે કાનૂની નિયમો અને સાવચેતીઓનું પાલન કરે.

## 52000 જેટલા ઉમેદવારો માટે 280 જેટલા કેન્દ્રની વ્યવસ્થા કરાઈ

# રાજ્યભરમાં TAT HSની પરીક્ષાનો પ્રારંભ



**અમદાવાદમાં કડક સુરક્ષા મોનિટરિંગ કરવામાં આવ્યું**

અમદાવાદ શહેરની વાત કરીએ તો અહીં 11,865 પરીક્ષાર્થીઓ માટે 67 કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરીએ સીસીટીવી કંટ્રોલ રૂમ અને વિશેષ ટીમો તૈનાત કરી છે. સુપરવાઈઝર અને સરકારી પ્રતિનિધિઓને પહેલેથી જ પ્રોટોકોલ અંગેની સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે.

અમદાવાદ

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિરુચિ કસોટી (TAT-HS)ની મુખ્ય પરીક્ષા શરૂ થઈ ગઈ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષામાં પ્રિલિમિનરી કસોટીમાં ઉત્તીર્ણ થયેલા કુલ 51,971 ઉમેદવાર છે. રાજ્યના 279 પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

વહેલી સવારથી અલગ અલગ જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ અમદાવાદ પરીક્ષા આપવા માટે આવ્યા હતા. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તેવી તમામ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સવારે 9.30 વાગ્યાથી ઉમેદવારોને સેન્ટર પર પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઓરિજિનલ આઈડી ચેક કર્યા બાદ ઉમેદવારોને સેન્ટરની અંદર એન્ટ્રી આપવામાં આવી હતી. તેમજ ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ જ સાથે લઈ જવાની છૂટ આપવામાં આવી હતી. સવારે 10.30 વાગ્યાથી શરૂ થયેલું ભાષાની સજ્જતાનું પેપર બપોરે એક વાગ્યા સુધી છે. ત્યારબાદ બીજા પેપરનો સમય બપોરે 3 વાગ્યાથી 6 વાગ્યાનો છે.

મહેસાણાથી અમદાવાદ આવેલી ઉમેદવાર ચાવડા હિનાએ જણાવ્યું હતું કે, પરીક્ષાને લઈ તૈયારીઓ ખૂબ સારી રીતે કરી છે. અગાઉ ત્રણ વખત પરીક્ષા રદ કરવામાં આવી હતી. વરસાદના કારણે પરીક્ષા યોજાઈ શકી નથી. તેમજ સેન્ટર પર પાણી ભરાયા હતા તેમાં પણ પરીક્ષા યોજાઈ ન હતી. જો કે આખરે હવે પરીક્ષા યોજાઈ રહી છે તેની ખુશી છે. પરીક્ષા યોજાય છે પરંતુ ભરતી થતી નથી તે પણ સાચી બાબત છે. સંખ્યા પ્રમાણે ભરતી ન થતા રહી જવાય છે અગાઉ પણ પરીક્ષા આપી હતી પરંતુ હું રહી ગઈ હતી. અમદાવાદ શહેરમાં 67 પરીક્ષા કેન્દ્ર પર 11,865 ઉમેદવારની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા પરીક્ષામાં પારદર્શિતા જાળવવા અને ગેરરીતિ અટકાવવા વિશેષ વ્યવસ્થા કરાઈ છે. તમામ કેન્દ્ર પર CCTV કેમેરાથી દેખરેખ રાખવામાં આવી છે. તેમજ કેન્દ્ર સંચાલકો, સુપરવાઈઝરો, ઓબ્ઝર્વરો અને સરકારી પ્રતિનિધિઓની નિમણૂક કરી તેમને જરૂરી તાલીમ પણ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રિલિમિનરી કસોટીમાં 1,47,584 ઉમેદવારએ પરીક્ષા આપી હતી, જેમાંથી 70 કે તેથી વધુ ગુણ મેળવી પાત્ર 51,971 ઉમેદવાર આ મુખ્ય પરીક્ષા આપી રહ્યા છે. આ કસોટી દ્વારા ભાષાકીય (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત), વિજ્ઞાન (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, ગણિત) તથા વાણિજ્ય, સામાજિક વિજ્ઞાન, કોમ્પ્યુટર, એગ્રિકલ્ચર અને શારીરિક શિક્ષણ સહિત કુલ 21 વિષયોના ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની પાત્રતા નક્કી કરવામાં આવશે.

## TET-1 પાસ 10 હજાર વિદ્યાસહાયકોની ભરતીને હાઇકોર્ટની મંજૂરી

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા તેમજ લાંબા સમયથી નિમણૂકની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. પ્રાથમિક વિભાગમાં વિદ્યાસહાયકોની ભરતીને લઈને ચાલી રહેલા કાનૂની વિવાદ વચ્ચે ગુજરાત હાઈકોર્ટે વચગાળાનો ચુકાદો આપતા રાજ્યમાં 10 હજાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવાની મંજૂરી આપી દીધી છે. જોકે હાઈકોર્ટમાં અરજી કરનાર 700થી વધુ ઉમેદવારની જગ્યાઓ અનામત રાખી નિમણૂકો અપાશે. TET 1 પરીક્ષાના આધારે વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા કરાઈ હતી. જોકે ભરતી પ્રક્રિયા દરમિયાન કેટલાક ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવતા અને ભરતીના નિયમો સામે વાંધો ઉઠાવતા ઉમેદવારોએ હાઈકોર્ટમાં ફેબ્રુઆરીમાં અરજીઓ દાખલ કરી હતી. હાઈકોર્ટમાં અરજીઓ થવાના કારણે 6 મહિનાથી આ સમગ્ર ભરતી પ્રક્રિયા અટવાઈ પડી હતી, જેના લીધે હજારો યોગ્યતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક અટકી ગઈ હતી. મહિનાઓથી ચાલી રહેલા કાનૂની વિવાદનો અંત આણવા માટે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં એક વિશિષ્ટ વચગાળાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, કુલ 11 હજાર જગ્યાઓની ભરતી જાહેરાત સામે હાઈકોર્ટમાં અરજી કરનાર 700થી વધુ ઉમેદવારોની જગ્યાઓ હાલ પૂરતી ખાલી રાખવામાં આવશે. બાકીની તમામ જગ્યાઓ પર ઉમેદવારોની નિમણૂક કરવાની પરવાનગી આપવા રજૂઆત કરાતા હાઈકોર્ટે સરકારના આ પ્રસ્તાવને માન્ય રાખી લીલી ઝંડી આપી દીધી છે.

## કાજલ ઓઝા વૈદ્ય સાથે સ્નેચિંગ કરનારા ગુનેગારોની ધરપકડ: આરોપી પાસેથી ₹1.70 લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં જાણીતાં લેખિકા અને મોટિવેશનલ સ્પીકર કાજલ ઓઝા વૈદ્ય સાથે બનેલી પર્સ સ્નેચિંગની ઘટનાનો પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. ઝોન-6 એલસીબીની ટીમે 150થી વધુ સીસીટીવી (CCTV) કેમેરાના ફૂટેજ અને બાતમીદારોના નેટવર્ક આધારે બે રીઢા આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી 1.70 લાખનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે.

વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતાં જાણીતાં લેખિકા કાજલ ઓઝા વૈદ્ય ગત 5 ઓગસ્ટના રોજ મુંબઈના દાદરથી ટ્રેન મારફતે મણિનગર રેલવે સ્ટેશને આવ્યા હતા. ત્યાંથી તેઓ ઓટો રિક્ષામાં બેસીને પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે ભુલાભાઈ ચાર રસ્તા નજીક બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ રિક્ષા નજીક ધસી આવીને તેમનું પર્સ ઝૂંટવી લીધું હતું અને અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ મામલે કાગડાપીઠ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ઝોન-6 એલસીબીની ટીમે તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને 150થી વધુ સીસીટીવી તપાસ્યા બાદ પોલીસે કાંકરિયા રેલવે યાર્ડ પાસેથી તનવીર શેખ અને ફેજાન સૈયદ નામના બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું કે, બંને આરોપીઓ મિત્રો છે અને ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. મોજશોખ અને ખર્ચો કાઢવા માટે તેઓ મિત્રનું 'બર્ગમેન' સ્કૂટર લઈને સ્નેચિંગ કરવા નીકળ્યા હતા. ઝડપાયેલા બંને આરોપીઓ સામે અગાઉ પણ મણિનગર, નારોલ અને ખાડિયા સહિતના વિવિધ પોલીસ મથકોમાં ગુના નોંધાઈ ચૂક્યા છે.

**અમદાવાદમાં ઓગસ્ટ 10 અને 11ના રોજ પાણી કાપ**

## જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મેઇન્ટેનન્સના કારણે પશ્ચિમ વિસ્તારના અનેક વોર્ડમાં પાણી પુરવઠો પ્રભાવિત થશે!

AMCની નાગરિકોને અપીલ: 10 ઓગસ્ટે 400 MLD પ્લાન્ટ બંધ રહેશે, જરૂરિયાત મુજબ પાણીનો સંગ્રહ કરી કરકસરપૂર્વક ઉપયોગ કરવા વિનંતી; 12 ઓગસ્ટથી પુરવઠો પૂર્વવત થશે

અમદાવાદ

અમદાવાદ શહેરના પશ્ચિમ અને આસપાસના વિસ્તારોમાં રહેતા નાગરિકો માટે પાણી પુરવઠાને લઈને એક અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આગામી ૧૦ ઓગસ્ટે જાસપુર સ્થિત ૪૦૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે જરૂરી મેઈન્ટેનન્સ અને સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેના પરિણામે ૧૦ અને ૧૧ ઓગસ્ટ દરમિયાન શહેરના મોટાભાગના પશ્ચિમ વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાઈ શકે છે.

જાસપુરના ૪૦૦ MLD ક્ષમતા ધરાવતા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે જરૂરી ટેકનિકલ સમારકામ માટે ૧૦ ઓગસ્ટના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી પ્લાન્ટની કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. પ્લાન્ટ બંધ રહેવાના કારણે વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરોમાં પાણીનો પૂરતો જથ્થો સંગ્રહિત થઈ શકશે નહીં, જેની સીધી અસર બીજા દિવસે જોવા મળશે.

પ્લાન્ટ બંધ રહેવાની અસરના કારણે ૧૧ ઓગસ્ટના રોજ શહેરના પશ્ચિમ ઝોન, ઉત્તર-પશ્ચિમ ઝોન તેમજ દક્ષિણ-પશ્ચિમ ઝોનના અનેક વિસ્તારોમાં ઓછા દબાણથી અને મર્યાદિત પ્રમાણમાં પાણી પુરવઠો મળશે.

તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રાણીપ અને નવા વાડજ વોર્ડ સિવાયના પશ્ચિમ ઝોનના લગભગ તમામ વોર્ડ અને આસપાસના વિસ્તારોમાં પાણી કાપની અસર વર્તાશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ નાગરિકોને અગાઉથી જ જરૂરી પાણીનો સંગ્રહ કરી લેવા અને ૧૦ તથા ૧૧ ઓગસ્ટ દરમિયાન પાણીનો અત્યંત કરકસરપૂર્વક ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી છે.

## અમદાવાદથી મિઝોરમ નશીલી દવાઓ મોકલવાના મોટા નેટવર્કનો પર્દાફાશ

SOG પોલીસે લાલ દરવાજા GPOમાંથી ₹60 લાખનો નશીલી કફ સીરપનો જથ્થો ઝડપી પાડ્યો



અમદાવાદ


અમદાવાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા ગેરકાયદેસર રીતે મિઝોરમ મોકલવામાં આવતી નશાકારક કફ સીરપના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસ ટીમે બાતમીના આધારે લાલ દરવાજા જી.પી.ઓ. (GPO) ડિલિવરી સેન્ટર પર દરોડો પાડીને કોડીન ફોસ્ફેટ ઘટક ધરાવતી કફ સીરપની 5,050 બોટલો (કુલ 505 કિલો જથ્થો) જપ્ત કરી છે, જેની કુલ કિંમત રૂ. 59.41 લાખ થાય છે. ડ્રગ્સ લાઈસન્સ વિના નશીલી દવાઓ અન્ય રાજ્યોમાં સપ્લાય કરવામાં આવતી હતી. એસ.ઓ.જી.ને ચોક્કસ બાતમી મળી હતી કે, સરખેજ-સાણંદ રોડ પર આવેલી 'પ્રમા હેલ્થકેર' નામની એજન્સી દ્વારા ગેરકાયદેસર રીતે આ નશીલી દવાઓના પાર્સલ રવાના કરવામાં આવી રહ્યા છે. જેના આધારે જી.પી.ઓ. ખાતે તપાસ કરતા શંકાસ્પદ ટ્રોલીમાંથી કુલ 34 જેટલા પાર્સલ મળી આવ્યા હતા. આ મામલે મિઝોરમના સ્ટેટ લાયસન્સિંગ ઓથોરિટી સાથે ઈ-મેઈલ દ્વારા સત્તાવાર સંપર્ક કરવામાં આવતા ખુલાસો થયો હતો કે ત્યાં 'હર્મોન ફાર્મસી' નામની કોઈ પેઢી અસ્તિત્વમાં જ નથી અને આ ઓર્ડર તદ્દન બોગસ નામે આપવામાં આવ્યો હતો.

## દરિયાપુર પોલીસના બંદોબસ્ત સાથે મનપસંદ જીમખાનાને સિલ કરાયું..!

રહેણાક મકાનને કોમર્શિયલ તરીકે ઉપયોગમાં લેવાતું હતું, SMCની રેડમાં 187 જુગારીઓ ઝડપાયા'તા

અમદાવાદ

અમદાવાદના દરિયાપુરના મનપસંદ જીમખાના સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાર્યવાહી કરી છે. અગાઉ બિનઅધિકૃત બાંધકામ સામે કાર્યવાહી કર્યા બાદ હવે ગ્રાઉન્ડ ફ્લોર સિવાય બાકીના અન્ય બાંધકામમાં રહેણાંકના બદલે કોમર્શિયલ તરીકે વપરાશમાં લેવામાં આવતું હોવાનું સામે આવતા મનપસંદ જીમખાનાને સિલ કરવામાં આવ્યું છે.




દરિયાપુર પોલીસના બંદોબસ્ત વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે કાર્યવાહી કરી છે. અગાઉ પણ રેડ અને તપાસ બાદ ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી થઈ હતી. થોડા સમય પહેલા SMC દ્વારા રેડ કરવામાં આવતા 187 જેટલા લોકો જુગાર રમતા ઝડપાયા હતા. કોઈએ પ્રવેશ કરવો નહીં અને કોઈને પ્રવેશ કરવા દેવો તે પ્રકારના લખાણ સાથે નોટિસ પણ લગાવવામાં આવી છે. સિટી સર્વે નંબર 3256, 3258, 3271થી 3295 તથા શીટ નં. 30માં આવેલા મનપસંદ જીમખાના સહિતની જગ્યા અગાઉ રજાચિઠ્ઠીથી મંજુર કરાવવામાં આવી હતી. જેમાં બાંધકામના રેકોર્ડમાં ગ્રાઉન્ડ ફ્લોર કોમર્શિયલ, ફર્સ્ટ ફ્લોર રહેણાક, સેકન્ડ ફ્લોર રહેણાક તથા પાર્ટ થર્ડ ફ્લોરનું બાંધકામ દર્શાવવામાં આવ્યું હતું. જો કે મંજૂર નકશા વિરુદ્ધ જીમખાના તરીકે બિનઅધિકૃત પ્રવૃત્તિ ચાલી રહી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આ મિલકત સામે અગાઉ પણ AMC દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. અગાઉ પાર્ટ થર્ડ ફ્લોરમાં કરવામાં આવેલા વધારાના બિનઅધિકૃત બાંધકામને દૂર કરવામાં આવ્યું હતું. તે સમયે પણ મિલકતના મંજૂર પ્લાન અને વાસ્તવિક બાંધકામ વચ્ચેના તફાવતને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થળ પર મંજૂર ઉપયોગ કરતાં અલગ રીતે મનપસંદ જીમખાના તરીકે વપરાશ ચાલુ હોવાનું સામે આવતા AMCની ટીમે ફરી કાર્યવાહી કરી છે.

## ગ્વાલિયરથી આવેલી બસના પેસેન્જરે 5 શખ્સોને બોલાવી રસ્તા વચ્ચે ઘાતકી ખેલ ખેલ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા ગોતા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધાજીયા ઉડાવતી એક ભયાનક ઘટના સામે આવી છે. ગ્વાલિયરથી આવેલી બાંકે બિહારી ટ્રાવેલ્સની લક્ઝરી બસના ડ્રાઈવર પર તસ્કરો અને અસામાજિક તત્વોએ ભેગા મળીને ઘાતકી હુમલો કર્યો છે. મુસાફરી દરમિયાન એક પેસેન્જર સાથે થયેલી નજીવી બોલાચાલીનું વેર વાળવા માટે બહારથી ૫ જેટલા માથાભારે શખ્સોને બોલાવીને આ ક્રૂર ખેલ ખેલવામાં આવ્યો હોવાનો સનસનાટીભર્યો આરોપ લાગ્યો છે.

મળતી વિગતો અનુસાર, હુમલાખોરો અગાઉથી જ નજીકના એક પાનના પાર્લર પર ફિલ્ડિંગ ગોઠવીને બેઠા હતા. જેવા ડ્રાઈવર એકલા પડ્યા, કે તરત જ આ શખ્સોએ નાના માસુમ બાળકોની હાજરીમાં જ તેમના પર તૂટી પડીને બેફામ માર માર્યો હતો. જાહેર રસ્તા પર બાળકોની સામે જ થયેલી આ હિંસક ઘટનાથી આસપાસના લોકોમાં ભારે દહેશતનો માહોલ સર્જાયો હતો. આ ઘટના બાદ ઘટનાસ્થળ નજીક આવેલી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનની કામગીરી અને નાઈટ પેટ્રોલિંગ સામે લોકમુખે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે: શહેરમાં ગુનેગારોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી? જાહેર રસ્તા પર અસામાજિક તત્વો ફિલ્ડિંગ ભરીને બેસે ત્યાં સુધી પોલીસનું ચેકિંગ ક્યાં હતું?

**રાજ્યમાં ત્રણ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી**

## અમદાવાદ-ગાંધીનગર સહિતના શહેરોમાં 30-40 KMની ઝડપે પવન ફૂંકાશે

અત્યાર સુધીમાં ગુજરાતમાં સામાન્ય રીતે 441.8 મિમી વરસાદ થવો જોઈએ, જેની સામે સરેરાશ 481.7 મિમી એટલે કે સામાન્ય કરતાં 9 ટકા વધુ વરસાદ નોંધાયો છે

અમદાવાદ

ગુજરાતમાં 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મોન્સુન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સિસ્ટમ સક્રિય હોવાના કારણે આગામી 3 દિવસ અમદાવાદ અને ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં 30થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. જોકે, આગામી સપ્તાહમાં ક્યાંય પણ અતિભારે વરસાદની શક્યતા નથી.

ચોમાસાની વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો, અત્યાર સુધીમાં ગુજરાતમાં સામાન્ય રીતે 441.8 મિમી વરસાદ થવો જોઈએ, જેની સામે



સરેરાશ 481.7 મિમી એટલે કે સામાન્ય કરતાં 9 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં વરસાદનું વિતરણ અસમાન રહ્યું છે. ગુજરાત રિજનમાં સામાન્ય 570 મિમીની સામે 730 મિમી (28 ટકા વધુ) વરસાદ થયો છે. જ્યારે બીજી તરફ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં સામાન્ય 339.7 મિમીની સરખામણીએ 250 મિમી જ વરસાદ નોંધાતાં હજુ પણ 16 ટકા વરસાદની ઘટ છે.

'ટ્રફ' એટલે ઓછા દબાણની એક લાંબી પટ્ટી. ચોમાસા દરમિયાન રાજસ્થાનના ગંગાનગરથી શરૂ થઈને બંગાળની ખાડી સુધી વિસ્તરેલી ઓછા દબાણની રેખાને 'મોન્સૂન ટ્રફ' કહે છે. જો આવી બે અલગ-અલગ પટ્ટીઓ અથવા શાખાઓ (દા.ત. એક ઉત્તર ભારતમાં અને બીજી દક્ષિણ/પશ્ચિમ કિનારે ઓફ-શોર ટ્રફ) સક્રિય હોય, તો તેને બે મોન્સૂન ટ્રફ કહેવામાં આવે છે.

મોન્સૂન ટ્રફ ચોમાસા માટેનો મુખ્ય 'હાઈવે' ગણાય છે. આ પટ્ટી જ્યાંથી પસાર થાય છે ત્યાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી આવતા ભેજવાળા પવનો ભેગા થાય છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI